**પ્રકાશક :**
ઘનશ્યામ શાહ
સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ,
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ,
ઉધના - મગદલ્લા રોડ,
સુરત - ૩૯૫૦૦૭

© સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ, સુરત

૧૯૯૫

મૂલ્ય : રૂ. ૩૦/–

મુદ્રક : દર્શન પબ્લીશર્સ, બેગમપુરા,
વિરમગામી મહોલ્લો,
સુરત - ૩૯૫ ૦૦૩

સમાજ દર્શન શ્રેણી
પુસ્તિકા : ૪

# સમાન નાગરિક ધારો

કેટી મહેતા
સોફિયા ખાન
વિભૂતિ પટેલ

સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ, સુરત
દ. ગુ. યુનિ. કેમ્પસ, ઉધના - મગદલ્લા રોડ,
સુરત - ૩૯૫૦૦૭
૧૯૯૫

# અનુક્રમ


| ક્રમ | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| | આમુખ | ઘનશ્યામ શાહ | ૩ |
| ૧. | મુસ્લિમ વૈયકિતક કાયદો સમાન નાગરિક ધારા તરફ | સોફિયાખાન | ૯ |
| ૨. | સમાન નાગરિક ધારો અને નારી મુક્તિ આંદોલન | વિભૂતિ પટેલ | ૨૪ |
| ૩. | સમાન નાગરિક ધારો | કેટી મહેતા | ૩૯ |




# આમુખ

કૌટુંબિક બાબતો એટલે કે અંગત વ્યક્તિગત બાબતોને લગતા કાયદાઓમાં લગ્ન, છૂટાછેડા, વારસાગત હક્કો, દત્તક વિધિ, કુટુંબમાં સ્ત્રી-પુરુષના પારસ્પરિક ફરજ અને અધિકાર અંગેના કાયદાઓ, વગેરેનો સમાવેશ થાય છે. આ કાયદાઓનો સ્રોત પરંપરાગત રિવાજો અને રૂઢિઓ (custmoary law) અને ધાર્મિક ગ્રંથો છે. કાયદાની પરિભાષામાં એને વૈયક્તિક કાયદો (Personal Law) કહેવામાં આવે છે.

ધાર્મિક ગ્રંથો સેંકડો વર્ષો પહેલાં લખાયેલા હોય છે અને તે જયારે લખાયા ત્યારની સામાજિક-આર્થિક પરિસ્થિતિ આજના કરતાં ઘણી જુદી હતી. વળી કેટલાક ધર્મોમાં એક કરતાં વધુ ધાર્મિક ગ્રંથો નીતિશાસ્ત્ર અને આચરણ અંગે ઉપદેશ આપતાં હોય છે. આ ઉપરાંત આ ગ્રંથોમાં જે કંઇ લખાયું છે તેનો એક જ અર્થ થતો નથી. ધર્મગુરૂઓ અને વિદ્વાનો જુદા જુદા સમયે એક જ લખાણનાં અલગ અલગ અર્થ તારવે છે. તે રીતે એક જ ધર્મમાં માનનારાઓના પરંપરાગત રિવાજો એક સરખા હોતા નથી. દાખલા તરીકે હિન્દુ ધર્મમાં જુદી જુદી જ્ઞાતિઓમાં અલગ અલગ રિવાજો હોય છે. ચરોતરના પાટીદારો છૂટાછેડાનો વિચાર ન કરી શકે અને વિધવા વિવાહનો તો નિષેધ છે. પણ ભરૂચ અને સુરત જિલ્લાના મતીયા પાટીદારોમાં તેમજ સૌરાષ્ટ્રના પાટીદારોમાં આ પ્રકારના બંધનો નથી. તેવું જ ઇસ્લામ ધર્મ પાળનારી જુદી જુદી કોમોમાં છે. દાખલા તરીકે દાઉદી વ્હોરા અને ખોજાઓમાં ઘણાં બધા રિવાજો અને તેના થકી સ્ત્રી અને પુરુષને કુટુંબ જીવનમાં મળતા અધિકારો અને સ્થાન અલગ અલગ છે.

મોટાભાગના પરંપરાગત રિવાજોમાં અને ખાસ કરીને ધાર્મિક ગ્રંથો આધારિત કાયદાઓમાં સ્ત્રીનો દરજ્જો ઊતરતો છે. હિન્દુ સમાજમાં લાંબી સુધારાની ચળવળ પછી જે હિન્દુ કાયદો આવ્યો તેમાં પણ સ્ત્રીનું સ્થાન પુરુષ સમોવડિયું નથી. દાખલા તરીકે વડીલોપાર્જિત મિલકતમાં દીકરી અને દીકરો સંપત્તિના સરખા હકદાર નથી. તે રીતે લગ્ન વખતે જો સ્ત્રી જેને પરણવાની છે તે સિવાયના પુરુષથી ગર્ભવતી થઇ હોય તો તે લગ્ન રદબાતલ થઇ શકે. પણ જો પુરુષ લગ્ન વખતે બીજી કોઇ સ્ત્રી દ્વારા જન્મ આપેલ બાળકનો પિતા હોય તો લગ્નમાં વાંધો ન આવે. તેવું જ બાળકને દત્તક તેવાની બાબતમાં છે. પતિની સંમતિ વિના હિન્દુ સ્ત્રી પોતાની પસંદગીના છોકરાને દત્તક ન લઇ શકે. સિવાય કે તે વિધવા હોય કે એણે છૂટાછેડા લીધા હોય.

આ પ્રકારના ભેદભાવ મુસ્લિમ વૈયક્તિક કાયદામાં પણ જોવા મળે છે. મુસ્લિમ પુરુષ કિતાબી સ્ત્રી (એક ઇશ્વરમાં માનનારી) એટલે કે ખ્રિસ્તી, પારસી કે યહૂદી સ્ત્રી સાથે નિકાહ (લગ્ન) કરી શકે જયારે મુસ્લિમ સ્ત્રી માત્ર મુસ્લિમ પુરુષ સાથે જ નિકાહ કરી શકે. મુસ્લિમ પતિ ચાર પત્ની કરી શકે પણ પત્ની એકથી વધુ પતિ ન રાખી શકે. મુસ્લિમ પર્સનલ લૉ પ્રમાણે સ્ત્રીની સંમતિથી જ લગ્ન થાય પણ છૂટાછેડામાં સ્ત્રીની સંમતિની જરૂર જ નહીં. પતિ ત્રણ વખત તલ્લાક... તલ્લાક... તલ્લાક કહે અને પત્નીને છોડી દઇ શકે અને ભરણપોષણની જવાબદારી પણ અદા ન કરે.

જેમ હિન્દુ પર્સનલ લૉ કે મુસ્લિમ પર્સનલ લૉમાં સ્ત્રી માટે ભેદભાવપૂર્ણ દરજ્જો છે. તેવું જ ખ્રિસ્તી કે યહૂદી પર્સનલ લૉમાં છે. ધર્મ આધારિત બધા જ કાયદાઓમાં સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં ઊતરતો છે. કાયદાઓ પ્રમાણેના કૌટુંબિક માળખામાં નીચેના સિદ્ધાંતો જોવા મળે છે.

(૧) પુરુષ સ્ત્રી કરતા ચડિયાતો છે અને ફક્ત એજ કુટુંબનો વડો છે.
(૨) બધાં જ બાળકોનો કુદરતી વાલી પુરુષ છે.
(૩) કુટુંબની સંપત્તિમાં પુરુષને-પછી તે ભાઇ, પિતા કે પતિ-વધુ ભાગ મળે છે.
(૪) પુરુષ માટે પોતાની પત્નીને છૂટાછેડા આપવાનું સહેલું છે.
(૫) પતિ કરતાં પત્ની પાસે નૈતિક આચરણની વધુ અપેક્ષા રાખવામાં આવે છે,
(૬) લગ્ન પછી પત્નીને કામ કરવાનો (વ્યવસાય) અબાધિત અધિકાર નથી.
(૭) લગ્ન પછી કયાં વસવાટ કરવો અને ઘર વસાવવું તે પતિની મનસૂબી પર હોય છે જેમાં પત્ની અને બાળકોના હિતો ગૌણ ગણાય છે.

એટલે પર્સનલ લૉ આધારિત જે કુટુંબ અને લગ્ન વ્યવસ્થા છે તેમાં સ્ત્રી પુરુષની સહભાગી નથી, રથનું બીજુ પૈડું નથી, અર્ધાંગના નથી પરંતુ તે પતિથી કંઇક નીચલી કક્ષાનું સ્થાન ધરાવે છે. આ કાયદાઓ દ્વારા પુરુષને સ્ત્રી કરતાં વધુ અધિકારો આપવામાં આવ્યા છે. જે માનવીય લોકશાહી અધિકારની વિરુદ્ધ છે. એટલે જ સ્ત્રીઓ આ કાયદાઓનો અસ્વીકાર કરે તે સ્વાભાવિક છે.

જયારે આજના જેવું રાજય અસ્તિત્વ ધરાવતું ન હતું અને જ્યારે ધર્મના કાયદાઓ અથવા પરંપરાગત રિવાજો અને રૂઢિઓ દ્વારા સમાજ વ્યવસ્થા ચાલતી હતી ત્યારે વૈયકિતક કાયદો અને રાજયના અન્ય કાયદાઓ વચ્ચે ફરક ન હતો. હકીકતમાં કૌટુંબિક બાબતો અંગેના પ્રશ્નો ન્યાતની પંચાયત કે ધર્મગુરુઓ ઉકેલતા. રાજયનો તે વિષય ન હતો. અંગ્રેજી



શાસનની શરૂઆતમાં વૉરન હેસ્ટીંગ્ઝ પ્લાન મુજબ ૧૭૭૨માં હિન્દુઓ માટે શાસ્ત્ર આધારિત અને મુસલમાનો માટે કુરાન આધારિત લગ્ન, વારસો અને બીજી કૌટુંબિક બાબતો અંગેના નિયમોને રાજયે માન્ય કર્યા હતા. ૧૮૫૭ના વિપ્લવ પછી રાણી વિકટોરીયાએ ભારતની પ્રજાને વચન આપ્યું હતું કે અંગ્રેજ સરકાર ધાર્મિક અને સામાજિક રીતરિવાજો અને રૂઢિઓમાં દખલ નહીં કરે. એટલે કૌટુંબિક બાબતો અંગે ધર્મગ્રંથો આધારિત અને પરંપરાગત રિવાજો આધારિત જુદા જુદા કાયદાઓ દેશના જુદા જુદા ભાગોમાં પ્રવર્તતા હતા.

ભારતના બંધારણે આ કાયદાઓનો કલમ ૩૭૨(૧)માં સ્વીકાર કર્યો છે. એનું એક કારણ એ હતું કે જુદી જુદી કોમોનું પોતાનું આગવું વ્યક્તિત્વ અને લાક્ષણિકતા જળવાઇ રહે પણ સવાલ એ ઊભો થયો કે જ્યારે આ વૈયક્તિક કાયદો બંધારણે બક્ષેલ મૂળભૂત અધિકારોની વિરુધ્ધ હોય ત્યારે શું કરવુ ? મુંબઈની હાઇકોર્ટે ૧૯૫૨માં એવો ચુકાદો આપ્યો કે મૂળભૂત અધિકારની કલમ ૧૩(૧) પર્સનલ લૉને લાગુ પડે નહીં. અને આમ વૈયક્તિક કાયદાઓ મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતાં ચાલુ રહ્યા.

પર્સનલ લૉના અસ્તિત્વનો બંધારણે જ્યારે સ્વીકાર કર્યો ત્યારે એવી અપેક્ષા હતી કે પર્સનલ લૉ ધીમે ધીમે દૂર થશે અને એની જગ્યાએ એવા કાયદાઓ આવશે કે જે ધર્મ, જાતિ કે લિંગના ભેદભાવ વિના બધાને એક સરખા લાગુ પડશે. બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતોની કલમ ૪૪ રાજય પાસે એવી અપેક્ષા રાખે છે કે તે સમાન નાગરિક ધારો ઘડશે.

જેઓ સમાન નાગરિક ધારાનો વિરોધ કરે છે તેઓ બે પ્રકારના છે. એક તો ધર્મ અને પરંપરાને પ્રાધાન્ય આપનારા. તેઓ માને છે કે ધર્મ આધારિત કાયદાઓ સનાતન છે. અને સમાજ વ્યવસ્થા આ કાયદાના આધારે જ ચાલવી જોઈએ. બીજા કેટલાક ધાર્મિક પરંપરાવાદીઓ નથી. પણ તેઓ માને છે કે પચરંગી સમાજ માટે કાયદાઓ સમાન ન હોઇ શકે. કાયદાઓ પણ પચરંગી જ હોય. તેઓને ભય છે કે સમાન નાગરિક ધારો વિવિધતા ખતમ કરશે અને જુદી જુદી કોમોનું આગવું વ્યક્તિત્વ ભયમાં મૂકાશે.

આ એક પેચીદો સવાલ છે. પણ શું જુદી જુદી કોમોની અલગ અલગ ખાસિયતો અને સંસ્કૃતિ કૌટુંબિક બાબતો અંગેનો સમાન ધારો આવતાં ખતમ થઇ જાય ખરી ? વળી, કોઇ પણ કોમની સંસ્કૃતિ પરિવર્તન પામતી હોય છે. તે સ્થગિત હોતી નથી. તો સમાન નાગરિક ધારા દ્વારા કોમની અમુક સંસ્કૃતિમાં પરિવર્તન આવે તો તેમાં ખોટું શું ?

પણ મહત્ત્વની બાબત એ છે કે આજના સમયમાં જ્યારે સમાનતા, વ્યક્તિગત સ્વતંત્રતા અને આત્મ ગૌરવ સર્વસ્વીકૃત મૂલ્યો ગણાતા હોય ત્યારે આ મૂલ્યોનો હ્રાસ કરતા ધર્મ આધારિત કાયદાઓ કે પરંપરાગત રીતરિવાજો બદલવા જોઈએ કે નહીં ? રાજ્યની એ

બાબતે કોઇ જવાબદારી ખરી કે નહીં ? આ પ્રશ્ન વ્યાપક ચર્ચા માંગી લે છે.

વળી, આપણું બંધારણ જે સેક્યુલર છે તેમાં પણ સ્ત્રીનું સ્થાન પુરુષ સમોવડિયું નથી. ઉપેન્દ્ર બક્ષીના મત પ્રમાણે ભારતનું બંધારણ પિતૃમૂલક રચનાને બાધારૂપ ગણતું નથી પરંતુ તેને કુદરતી ગણે છે. ભારતનું બંધારણ અત્યંત ઠંડકથી પુરુષપ્રધાન ભારતીય સમાજની કલ્પના કરે છે.

બંધારણની જુદી જુદી કલમો. સંસદ દ્વારા થયેલા કાયદાઓ અને અદાલતોના ચુકાદાઓ પુરુષપ્રધાન સમાજને એક યા બીજી રીતે ટેકો આપે છે. સ્વ. ભગીરથ શાહના મત પ્રમાણે બંધારણ દ્વારા સ્ત્રી એક નાગરિક નથી - તે છે પત્ની. બહેન કે માતા. આપણો સેક્યુલર કે નાગરિક કાયદો કુટુંબની અંદરની અસમાનતાને દૂર કરવા માટે પ્રયત્ન કરતો નથી પરંતુ એવી અસમાનતા ચાલુ રાખવામાં મદદ કરે છે.

આ સંજોગોમા સમાન નાગરિક ધારો-યુનિફોર્મ સિવિલ કોડનો મુખ્ય આધારસ્થંભ સ્ત્રી અસ્મિતા અને પુરુષ સાથેનો સમાન દરજ્જો જ હોઇ શકે. સમાન નાગરિક ધારામાં નીચેના સિદ્ધાંતોનો મૂળભૂત રીતે સમાવેશ થવો જરૂરી છે.

(૧) કુટુંબમાં સ્ત્રી અને પુરુષને સમાન અધિકાર.
(૨) લિંગના ભેદભાવ વગર બધા જ બાળકોના હકક અને હિતોનું રક્ષણ.
(૩) આદર્શ કુટુંબના વિચારમાં મિલકત આધારિત કુટુંબ નહીં પણ પરસ્પર આદર, કાળજી અને મમતા આધારિત કુટુંબ.
(૪) કુટુંબ જીવનમાં સ્ત્રીના પ્રદાનની સ્વીકૃતિ અને તે માટે કુંટુબની આવક અને સંપત્તિમાં સ્ત્રીનો સમાન હિસ્સો.
(૫) બાળકોની દેખભાળ રાખવામાં અને વાલીપણામાં સ્ત્રીનો સમાન અધિકાર.
(૬) પુરુષ અને સ્ત્રીને દત્તક લેવાનો સમાન અધિકાર.
(૭) સંપત્તિમાં સ્ત્રી-પુરુષને સમાન અધિકાર.

અર્થાત બીજા શબ્દોમાં સમાન નાગરિક ધારા પાછળના તર્કમાં કોઇપણ જાતના ભેદભાવ વિના વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની સમાનતા કે જેમાં સ્ત્રી-પુરુષ સમાનતાનો પણ સમાવેશ થાય છે. કેન્દ્ર સ્થાને છે.

ભારતમાં સમાન નાગરિક ધારાની જરૂરિયાત માટે છેલ્લા દશેક વર્ષથી ઠીક ઠીક ચર્ચા શરૂ થઇ છે. શાહબાનુ અંગે સુપ્રીમ કોર્ટે જે નિર્ણય આપ્યો તેની સામે. સંસદે કાયદામાં જે ફેરફાર કર્યો ત્યાર પછી આ ચર્ચામાં વેગ આવ્યો છે. ૧૯૮૬માં રાજસ્થાનના દેવરાલા ગામે ઘટેલ સતીની ઘટનાએ અને રામજન્મ ભૂમિ-બાબર મસ્જિદના સવાલને લઇને આ



સમગ્ર પ્રશ્નને કોમી સ્વરૂપ આપવામાં આવ્યું છે જે કમનસીબ છે.

આ પ્રશ્નની ચર્ચા મુક્ત મને તેમજ સહિષ્ણુતાપૂર્વક થાય તે જરૂરી છે. તે હેતુથી ભગીરથ સ્મારક ફંડના આશ્રયે 'સમાન નાગરિક ધારા' પર સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ દ્વારા એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં રજૂ થયેલ ત્રણ નિબંધોને પ્રસ્તુત પુસ્તિકા થકી પ્રસિદ્ધ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

સ્વ. ભગીરથ શાહ એક યુવાન પ્રતિબધ્ધ વકીલ હતા. સમાજના કચડાયેલા વર્ગોને સામાજિક ન્યાય અને માનવ અધિકારો મળે તે માટે તેઓ સતત કાર્ય કરતા હતા. લોહીના કેન્સરથી ૧૯૯૧માં તેઓનું અકાળ અવસાન થયું. તેઓને ગમતી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ભગીરથ શાહના મિત્રોએ એક નાનકડું ભંડોળ ઊભું કર્યુ છે. જેનો વહીવટ સેન્ટર કરે છે.

સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝે ગુજરાતી પુસ્તકોના પ્રકાશનની પ્રવૃત્તિ ઘણાં વર્ષોથી હાથ ધરી છે. વિશાળ વાચક વર્ગ સુધી પહોંચવા અમે સરળ ભાષામાં નાનકડી પુસ્તિકાઓ પ્રકાશિત કરવાનું શરૂ કર્યુ છે. આ પુસ્તિકા શ્રેણીને 'સમાજ દર્શન' નામ આપ્યું છે. આ શ્રેણીના ઉપક્રમે આ પુસ્તિકા પ્રકાશિત કરતાં અમોનો આનંદ થાય છે. આ પ્રકાશન માટે શ્રી પ્રેમભાઇ વી. પટેલ અને સ્વ. જયંત દેસાઇ તરફથી નાણાંકીય સહાય મળી છે. તેઓના અમે ઋણી છીએ. સેન્ટરના ''સામાજિક ન્યાય'' પ્રોજેકટના ભાગરૂપે આ પુસ્તિકા પ્રસિદ્ધ કરીએ છીએ.

કેટી મહેતા, સોફિયા ખાન અને વિભૂતિ પટેલે પરિસંવાદમાં ભાગ લીધો અને પોતાનું વકતવ્ય લેખિત સ્વરૂપે આપ્યું તે માટે અમો તેઓના આભારી છીએ.

એડવોકેટ કેટી મહેતાનું મૂળ લખાણ અંગ્રેજીમાં હતું. જેનો ગુજરાતી અનુવાદ પ્રા. શાંતિલાલ મેરાઇએ કર્યા અને તેમાં સુધારા-વધારા મેઘા જાનીએ કર્યા છે. શાંતિલાલભાઇ ઉપરાંત સેન્ટરના મિત્રો અર્જુન પટેલ. સત્યકામ જોષી અને કિરણ દેસાઇએ આ પુસ્તિકાના સંપાદન કાર્યમાં જે સહયોગ આપ્યો તે બદલ તે તમામનો હું ઋણી છું.

**ઘનશ્યામ શાહ**

# મુસ્લિમ વૈયક્તિક કાયદો
# સમાન નાગરિક ધારા તરફ

સોફિયા ખાન

મુસ્લિમ વૈયક્તિક કાયદા (Muslim Personal law)ની જ્યારે વાત કરવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે તેને માન્ય રાખનાર કાયદાની વાત પ્રથમ કરવી પડે. એટલે કે ભારતના બંધારણની વાત.

સ્વતંત્ર ભારતમાં, બંધારણીય સભા જ્યારે બંધારણનો મુસદ્દો તૈયાર કરી રહી હતી ત્યારે બંધારણના ત્રીજા ભાગમાં મૂળભૂત અધિકારોનો વિભાગ વિચારાયો, જેમાં સ્વતંત્ર દેશમાં કોઈપણ નાગરિકને ગૌરવપૂર્ણ રીતે જીવવા માટે જે મૂળભૂત અધિકારો હોવા જોઈએ તેની જોગવાઈ કરવામાં આવી. આ અધિકારોમાં એક ચર્ચાસ્પદ અધિકાર છે ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર. તે વખતે બંધારણ સભાના ઘણા સભ્યોને એમ લાગતું હતું કે ધર્મ સ્વાતંત્ર્યના અધિકારને અંકુશિત કરવો જોઈએ. રાજકુમારી અમૃતા કૌરે ચર્ચામાં સક્રિય ભાગ લેતા જણાવેલ કે જો ધર્મ સ્વાતંત્ર્યના અધિકારને બંધારણમાં મૂળભૂત અધિકાર તરીકે જુદો અધિકાર ગણવામાં આવશે તો તેનાથી ભવિષ્યમાં સામાજિક સુધારણાના કાયદા પસાર કરવામાં તો વાંધો આવશે જ, પરંતુ સાથે સાથે ભૂતકાળમાં થયેલા કાયદા જેવા કે વિધવા પુનઃ વિવાહ ધારો, શારદા - એક્ટ, સતીપ્રથા નાબૂદ કરતો કાયદો વગેરેની કાયદેસરતાને પણ પડકારી શકાશે. પડદાપ્રથા, બહુપત્નીત્વ, અસ્પૃશ્યતા, મંદિરોમાં છોકરીઓનું બલિદાન વગેરે ધર્મના નામે ચાલતાં કેટલાંક દૂષણો છે. પરંતુ આ બધી ચર્ચાથી કોઈ અર્થ સર્યો નહિ અને ધર્મ સ્વાતંત્ર્યના અધિકારને જુદા મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી. હા, એટલી અસર ચોક્કસ થઈ કે બંધારણના ચોથા ભાગમાં અનુ. ૪૪ કે જેમાં રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરવામાં આવ્યા છે તેમાં રાજયોને સૂચના આપવામાં આવેલ છે કે તેઓ આદર્શ સમાન નાગરિક ધારો ઘડશે. પરંતુ આ સિધ્ધાંતો સરકારને પોતાની નીતિના ઘડતરમાં માત્ર

'ગાઈડલાઈન' તરીકે છે, તેનું સીધી રીતે કાયદાની અદાલતો દ્વારા પાલન કરાવી શકાતું નથી. અલબત્ત, જે ધર્મ સ્વાતંત્ર્યના અધિકારની વાત કરીને આજે વૈયક્તિક કાયદાઓ (Personal laws)માં સુધારા કરવાની કે સમાન નાગરિક ધારાની દિશામાં જવાની આનાકાની કરવામાં આવે છે તે ખરેખર કહેવા શું માંગે છે ? Art. 25 (i) "subject to public order and morality and health and the other provision of this part all persons are equally entitled to freedom of conscience and the right to freely profess and propagate religion."

આનો સરળ શબ્દોમાં અર્થ થાય છે કે પોતાની અંગત માન્યતાઓ કે લાગણીઓને માનવાની સ્વતંત્રતા અને પોતાના ધર્મના પ્રચારની સ્વતંત્રતા કે જે કાયદા સમક્ષની સમાનતા તથા કાયદાનું સમાન રક્ષણ દર્શાવે છે અને આ અધિકાર, ધર્મ, જ્ઞાતિ, જાતિ કે લિંગના આધારે કોઈ ભેદભાવ દર્શાવતો નથી. એટલે કે ભારતના નાગરિક એવા તમામ ધર્મના લોકોને આ રક્ષણ સમાન રીતે આપવામાં આવ્યું છે. આ સાદી અને સરળ વાતને બંધારણ દ્વારા ધર્મ સ્વાતંત્ર્યનો જે અધિકાર આપવામાં આવ્યો છે તેની ઉપર તરાપ છે તેમ કહેવામાં આવે છે. અથવા એવી વજૂદ વિનાની દલીલ કરવામાં આવે છે કે બંધારણમાં જ પરસ્પર વિરોધાભાસી વાતો છે. એક જગ્યાએ ધર્મ સ્વાતંત્ર્યના અધિકારની વાત કરવામાં આવે છે તો બીજી જગ્યાએ સમાન નાગરિક ધારાની વાત કરવામાં આવે છે. પરંતુ જો અનુ. ૨૫ (૧) ઉપર જણાવ્યા મુજબ જ છે તો આ દલીલનો કોઈ અર્થ રહેતો નથી.

બીજો મુદ્દો કે જેમાંથી શરિયતનો ઉદ્ભવ થયો, એટલે કે ઇસ્લામ ધર્મની વાત. ઇસ્લામ શબ્દનો અર્થ થાય છે 'ઈશ્વરની ઇચ્છા આગળ સમર્પણ.' બીજો અર્થ થાય છે 'શાંતિ'. હવે ઇસ્લામ એટલે કે ઇશ્વરની ઇચ્છા શું છે તેની વાત કરીએ. પાંચ પાયાના સિદ્ધાંતો છ કે જેમાં ઇશ્વરની ઇચ્છા વ્યક્ત થાય છે અને તે છે (૧) ઈમાન (અલ્લાહમાં શ્રદ્ધા) (૨) નમાઝ (૩) ઝકાત (૪) રોઝા (૫) હજ. આ વાતો શીખવતો ધર્મ એ ઇસ્લામ અને જે વ્યક્તિ આ પાંચ સિદ્ધાંતોમાં પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે તે મુસ્લિમ.

ત્રીજો મુદ્દો છે મુસ્લિમ વૈયક્તિક કાયદાનો, કે જેનો આધાર શરિયત પર રહેલો છે. શરિયત એટલે અનુસરણનો માર્ગ. મુસ્લિમ વૈયક્તિક કાયદો કે જેને શરિયત કાયદા તરીકે પણ ઓળખવામાં આવે છે તેના સ્રોત તરીકે નીચેના મુદ્દા ગણાવી શકાય.



(૧) કુરાન (કે જેને દૈવી પુસ્તક ગણવામાં આવે છે અને જેનો રચિયતા અલ્લાહ છે)

(૨) સુન્નત અને હદિસ (પૈગંબર સાહેબે તેમના જીવનકાળ દરમિયાન કરેલું આચરણ તથા તેમનાં કહેલાં વાક્યો)

(૩) ઈજમા (પૈગંબર સાહેબના સાથી અને કાયદાના નિષ્ણાતોનું મંતવ્ય).

(૪) કૈયાસ (કોઈ મુદ્દા ઉપર મતભેદ ઉપસ્થિત થાય ત્યારે તારવવામાં આવેલું સામ્ય)

(૫) કાયદાનું બળ પ્રાપ્ત કરનાર રૂઢિ અને રિવાજ

(૬) ન્યાય, સમન્યાય અને સદ્ભાવના

આ પાયાના સિદ્ધાંતો શરિયત કાયદા એટલે કે મુસ્લિમ વૈયક્તિક કાયદામાં રહેલા છે. જ્યારથી બંધારણના અનુ. ૪૪ માં સમાન નાગરિક ધારા તરફ જવાની જોગવાઈ મૂકવામાં આવી છે ત્યારથી વૈયક્તિક કાયદાઓ અને સમાન નાગરિક ધારા વચ્ચે સંઘર્ષની ચર્ચા ચાલ્યા જ કરે છે. દરેક વૈયક્તિક કાયદો સ્ત્રીને માટે ભેદભાવભર્યું વલણ દર્શાવે છે જેમ કે

(૧) લગ્ન પછી પત્નીએ ત્યાં જ રહેવું પડે કે જ્યાં પતિ નક્કી કરે.

(૨) બાળકનો કુદરતી વાલી પિતા જ છે.

(૩) છૂટાછેડાની બાબતમાં મુસ્લિમ અને ખ્રિસ્તી બહેનો ખૂબ જ અગવડ અનુભવે છે. આ ઉપરાંત પણ દરેક વૈયક્તિક કાયદામાં સ્ત્રીને કારણ કે તે સ્ત્રી છે માટે ઊતરતી કક્ષાની ગણવામાં આવી છે. તે સ્ત્રી છે માટે તેણે અન્યાયની પરિસ્થિતિમાં જીવવું જોઈએ તેવું વલણ દર્શાવવામાં આવ્યું છે. શા માટે સ્ત્રીને તેના પ્રાથમિક માનવીય અધિકારોથી વંચિત રાખવામાં આવી રહી છે? આ લિંગભેદ નાબૂદ કરી એક ધર્મ નિરપેક્ષ પ્રજાસત્તાક લોકશાહી દેશના ગૌરવની સ્થાપના કરવી જોઈએ અને તે માટે જરૂરી છે કે હવે આપણે ધર્મથી પર એવા સામાજિક ન્યાયના સિદ્ધાંતો પર આધારિત કાયદાઓની રચના કરવી જોઈએ. માટે સમાન નાગરિક ધારો આજની તાતી જરૂરિયાત છે.

હું વૈયક્તિક કાયદાઓના કેટલાક મુદ્દાઓ કે જે સ્ત્રીને અન્યાય કરનારા છે, તેની ચર્ચા કરવા માગું છું :

(૧) પ્રથમ મુદ્દો છે નિકાહનો - મુસ્લિમ કાયદા પ્રમાણે નિકાહ એ બન્ને પક્ષો એટલે કે પતિ-પત્ની વચ્ચેનો કરાર છે જેમાં એક પક્ષ દરખાસ્ત મૂકે છે અને બીજો પક્ષ તેનો સ્વીકાર કરે છે એટલે કે નિકાહ સહી (યથાર્થ) ગણાય તે માટે સ્ત્રીની સંમતિ જરૂરી છે. આ સંમતિનો મુદ્દો ધ્યાનમાં રાખવો જરૂરી છે કારણ કે આગળ જ્યારે તલ્લાકની વાત આવશે ત્યારે જણાશે કે મુસ્લિમ વૈયક્તિક કાયદાની આ જોગવાઈ કેવો વિરોધાભાસ સર્જે છે. નિકાહની વાતમાં બીજો ચર્ચાસ્પદ મુદ્દો એ છે કે કોઈપણ મુસ્લિમ પુરુષ કિતાબી સ્ત્રી (એક ઈશ્વરમાં માનનારી) એટલે કે ખ્રિસ્તી, પારસી કે યહૂદી સ્ત્રી સાથે નિકાહ કરી શકે છે જ્યારે મુસ્લિમ સ્ત્રી માત્ર મુસ્લિમ પુરુષ સાથે જ નિકાહ કરી શકે. આની પાછળ શું તર્ક હોઈ શકે તે સમજાતું નથી.

(૨) **બહુપત્નીત્વ :** મુસ્લિમ વૈયક્તિક કાયદા પ્રમાણે પતિ એક પત્ની સાથેના લગ્નજીવન દરમિયાન બીજી ત્રણ પત્ની કરી શકે એટલે કે ચાર પત્ની રાખી શકે. આમ તો, પાંચમા લગ્ન પણ કરી શકે પરંતુ કાયદેસર ઠરાવવા માટે અગાઉની ચાર પત્નીમાંથી કોઈ એક પત્નીને તલ્લાક આપવા પડે. આની સામે એમ દલીલ કરવામાં આવે છે કે કેટલા મુસ્લિમો આજે ચાર પત્ની રાખે છે ? સાચી વાત છે કે નથી રાખતા. તો પછી શા માટે તેની ઉપર અંકુશની વાતનો વિરોધ થાય છે? ઉપરાંત આ જોગવાઈથી પત્નીના માથે હંમેશા તલવાર લટકતી જ હોય છે કે પતિના મનમાં ક્યારે અવિશ્વાસ પેદા થશે અને તે બીજી સ્ત્રીને પત્ની તરીકે ઘરમાં લઈ આવશે. કારણ કે તેમ કરવામાં તેને કોઈ વિઘ્ન નડતાં નથી. બહુપત્નીત્વને માન્યતા આપવા પાછળનું કારણ એ હતું કે તે જમાનામાં જ્યારે ઈસ્લામ ધર્મ અસ્તિત્વમાં આવ્યો ત્યારે જે યુદ્ધો થતાં હતાં તેમાં અસંખ્ય માણસોની ખુવારી થતી અને મોટા પ્રમાણમાં સ્ત્રીઓ વિધવા થતી. આ વિધવાઓનો પ્રશ્ન હલ કરવા માટે ચાર પત્ની રાખવાની છૂટ આપવામાં આવી હતી અને તે પણ અબાધિત અધિકાર ન હતો. પ્રથમ પત્નીની મંજૂરી વિના તે શક્ય નથી તેવી જોગવાઈ છે. આજે જ્યારે આવી કોઈ વિશેષ પરિસ્થિતિ નથી ત્યારે આ વાત તદ્દન અપ્રસ્તુત અને અન્યાયી છે. તેમાં પણ એક ભેદને માન્યતા આપવામાં આવી છે કે જો મુસ્લિમ પતિ સરકારી નોકર હોય તો તેને એક પત્નીનો કાયદો લાગુ પડે છે અને ત્યારે કહેવાતા મુસ્લિમ સમાજના રક્ષકોને કોઈ વાંધો નથી હોતો. શું માત્ર એટલા



માટે કે સીધેસીધો સરકારની તિજોરીમાંથી પગાર મળે છે ? હકીકત તો એ છે કે સરકાર જે કાંઈ નાગરિક સુવિધાની જોગવાઈ કરે છે તેનો લાભ ધર્મના ભેદભાવ સિવાય દરેક વ્યક્તિ એક સરખો મેળવી શકે છે. તો પછી આ ભેદ શા માટે ? સરકારના બેવડા ધોરણની નીતિ આ માટે જવાબદાર છે.

(૩) **તલ્લાક :** મુસ્લિમ વૈયક્તિક કાયદાનો આ સૌથી વધુ ચર્ચાસ્પદ મુદ્દો છે કે જેણે છેલ્લા કેટલાંક વર્ષોથી સમાન નાગરિક ધારાની વાતને વેગવાન બનાવી છે. તલ્લાક એટલે મુસ્લિમ પતિ દ્વારા તેની પત્ની પરત્વે એવું વર્તન કે જેનાથી તેમની વચ્ચેના લગ્નજીવનનો કાયદેસર અંત આવે છે. બીજી ભાષામાં તેને છૂટાછેડા કહી શકાય. તલ્લાકની બાબતમાં કહેવામાં આવ્યું છે કે 'તે અલ્લાહને નાપસંદ વાતોમાંની એક વાત છે' જેનો આજે છૂટથી ધર્મના ઓઠા હેઠળ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તલ્લાકના જુદા જુદા પ્રકાર છે. પરંતુ મૌખિક અને એક જ સમયે ત્રણ વાર તલ્લાક કહીને લગ્નજીવનનો અંત લાવવાની રીત્ કે જેને તલ્લાક-ઉલ-બિદ્દત કહેવામાં આવે છે તે સ્ત્રીને માટે ખરેખર ત્રાસદાયક, અન્યાયી, જુલ્મી, લાચારીની દિશામાં ધકેલી દેનાર અથવા જીવનપર્યંત ગમે તેવી પરિસ્થિતિમાં પણ પતિની દયા પર જીવન ગુજારવા મજબૂર કરનાર પ્રથા છે. આગળ જ્યારે મેં નિકાહની વાત કરી ત્યારે જણાવ્યું છે કે પત્નીની સંમતિ વિના યથાર્થ નિકાહ થઈ શકે નહીં. જ્યારે અહીં કાયદેસર તલ્લાકમાં પત્નીની સંમતિ તદ્દન અપ્રસ્તુત વાત ગણાય છે. પ્રશ્ન એ થાય છે કે જે લગ્ન પત્નીની મરજી વિના થઈ જ ન શકે તે લગ્ન ભંગ કરવાનો અધિકાર માત્ર પતિને જ કેવી રીતે હોઈ શકે ? અને શા માટે હોવો જોઈએ ? પરંતુ છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે આ અધિકાર એવા પ્રકારનો છે કે જેમાં તલ્લાક આપવા માટે પતિએ પત્નીને કોઈ કારણ (વાજબી રીતે કારણ હોય તેવું તો નહીં જ) આપવું પણ જરૂરી નથી. તલ્લાકનો ઉચ્ચાર મૌખિક રીતે તાર, ટપાલ કે ટેલિફોન દ્વારા પણ હોઈ શકે ! શું આ સામાજિક ન્યાયની વિરૂદ્ધ નથી ? કેટલાક લોકો એવી ગેરસમજ ફેલાવે છે કે પત્નીને પણ તલ્લાકનો અધિકાર છે. હકીકત એ છે કે પત્ની દ્વારા જે આવા અધિકારનો ઉપયોગ કરવામાં આવે છે તેને

'ખુલા' કહેવામાં આવે છે. જેમાં પત્ની કાં તો મહેરની રકમ જતી કરે છે અથવા કોઈ અવેજ આપવાનું નક્કી કરે છે. કે જેના બદલામાં પતિ તેને પત્ની તરીકેના બંધનમાંથી મુક્ત કરે છે. એટલે કે સ્ત્રી ઇચ્છે ત્યારે પતિની જેમ પોતાની મુનસફીએ તલ્લાક ન આપી શકે. તેણે પતિને વિનંતી કરવી પડે, દરખાસ્ત કરવી પડે, બદલામાં કોઈ અવેજ આપવો પડે ત્યારે પતિ તે મહેરબાની કરે કે ન પણ કરે ! ટૂંકમાં 'ખુલા' કે જે પત્નીને મળેલો કહેવાતો અધિકાર છે, તેમાં પતિને અવેજે આપવો પડે જ્યારે તલ્લાક કે જેમાં પતિ અબાધિત રીતે આપવામાં આવેલ તલ્લાકના અધિકારનો ઉપયોગ કરે છે પરંતુ અવેજ તરીકે તેણે પત્નીને કંઈ આપવાનું નહીં. છે ને પરસ્પર વિરોધાભાસ!

(૪) **ભરણપોષણ : તલ્લાક જેટલો જ ચર્ચાસ્પદ મુદ્દો. શાહબાનુ કેસ પછી આ વાતને એ રીતે વિવાદાસ્પદ બનાવવામાં આવી કે જેમાંથી છેવટે મુસ્લિમ સ્ત્રીઓના માથે ગમે ત્યારે અમલી બની શકે તેવા ફાંસીના** હુકમ જેવા કાયદા(મુસ્લિમ સ્ત્રીઓના છૂટાછેડા ઉપર રક્ષણનો કાયદો ૧૯૮૬)નો ઉદ્ભવ થયો. જસ્ટીસ ક્રિશ્ના ઐયરે આ કાયદા વિશે કહ્યું છે કે મુસ્લિમ વૈયક્તિક કાયદા પ્રમાણે પત્નીને ઈદ્દતના સમય દરમિયાનનું ભરણપોષણ તથા મહેરની રકમ મળી શકે છે. જ્યારે ફોજદારી કાર્યરીતિ સંહિતા (Criminal Procedure Code) ૧૮૯૮ના કાયદામાં કલમ ૪૮૮ અન્વયે અને પાછળથી કલમ ૧૨૫ અન્વયે ધર્મના ભેદ સિવાય કોઈ પણ પત્નીને તેના પતિ પાસેથી ('પત્ની' શબ્દમાં છૂટાછેડા લીધેલ સ્ત્રીનો સમાવેશ થાય છે) ભરણપોષણ નક્કી કરેલી શરતોએ મળી શકે છે. આ જ કાયદાની કલમ ૧૨૭(૩) (બી) માં જણાવવામાં આવે છે કે જો સ્ત્રીને તેના પતિ તરફથી છૂટાછેડા મળ્યા હોય અને ભરણપોષણનો હુકમ થાય તે પહેલા કે પછી પક્ષકારોને લાગુ પડતાં વૈયતિક કાયદા હેઠળ તેને આપવાની થતી તમામ રકમ જો ચૂકવી આપવામાં આવી હોય તો ભરણપોષણનો હુકમ રદ થાય છે. આ વૈયક્તિક કાયદા હેઠળ ચૂકવાયેલ રકમને વારંવાર વિવાદનો મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે. બાઈ તાહેરા વિ. અલી હુસૈન (૧૯૭૯)ના કેસમાં સુપ્રીમ કોર્ટે જણાવેલ કે માત્ર વૈયક્તિક કાયદા હેઠળ કોઈ રકમ ચૂકવાયેલ છે તેટલી જ વાતથી પતિ ભરણપોષણની જવાબદારીમાંથી મુક્ત થતો



નથી. તેણે જે રકમ ચૂકવેલ છે, તે રકમ જો ન ચૂકવી હોત અને ભરણપોષણ ચૂકવવા માટે જવાબદાર થતાં જે રકમ ચૂકવવાની થાત તે બરાબરની છે કે કેમ તે અદાલત જોશે. શાહબાનુના કેસમાં ફરી આ દલીલ કરવામાં આવી કે તેને મહેર તથા ઈદ્દતના સમયનું ભરણપોષણ આપવામાં આવ્યું છે તેથી હવે કંઈ આપવાનું રહેતું નથી. અહીં એક વાતની સ્પષ્ટતા કરવી જરૂરી છે કે કેટલાક લોકો આ "વૈયક્તિક કાયદા હેઠળ ચૂકવવાની થતી રકમ"ને મહેરની રકમ સમજી બેઠા છે. હકીકતમાં મહેરની રકમનો સંબંધ નિકાહ સાથે છે, તલ્લાક સાથે નહીં. મહેર પત્નીને પતિ તરફથી માનના પ્રતીક રૂપે નવા જીવનની શરૂઆત વખતે આપવામાં આવતી રકમ છે. સ્વાભાવિક છે કે તેનું અનુસંધાન તલ્લાક સાથે ન કરી શકાય. અલબત્ત, જોગવાઈ એમ છે કે મહેરની રકમ તલ્લાક વખતે તો છેવટે ચૂકવી જ આપવી. એટલે કે સામાન્ય રીતે તો ચાલુ લગ્નજીવનમાં ચૂકવાવી જોઈએ. પરંતુ ન ચૂકવાઈ હોય તો છેવટે તલ્લાક વખતે તો ચૂકવવી જ જોઈએ. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૨૭ (૩) (બી) માં જે રકમનો ઉલ્લેખ કરવામાં આવે છે તે હકીકતમાં 'મતા' છે કે જેનો ઉલ્લેખ શાહબાનુના ધારાશાસ્ત્રીએ કર્યો હતો અને એવી રજૂઆત કરી હતી કે શાહબાનુને આ 'મતા'થી વંચિત રાખવામાં આવી છે. પોતાની વાતના સમર્થનમાં તેમણે કુરાન શરીફના પેરા નં. ૨ ની આયાત નં. ૨૪૧ ટાંકી હતી. જેમાં 'તલ્લાક પામેલ સ્ત્રીને માટે યોગ્ય અને વાજબી જોગવાઈ કરો. આ એ બધા ઉપર આજ્ઞાર્થ છે કે જે અલ્લાહને માને છે' એમ જણાવાયું હતું. જેના જવાબમાં એહમદ ખાનના ધારાશાસ્ત્રીએ જણાવેલ કે આ આજ્ઞાર્થો ચુસ્ત મુસ્લિમ માટે છે ! કેવી હાસ્યાસ્પદ વાત છે કે એક જ વાત દ્વારા એકવાર મુસ્લિમ વૈયક્તિક કાયદો એટલે કે શરિયતની વાત કરવામાં આવે છે અને બીજી વાર પોતે ચુસ્ત મુસ્લિમ નથી તેવો વાહિયાત બચાવ કરવામાં આવે છે. અલબત્ત આનું પરિણામ એ આવ્યું કે ફોજદારી કાર્યરીતિ સંહિતા મારફત આ ભરણપોષણની રકમ કે જે વર્ષોથી આ દેશની નાગરિક એવી તમામ સ્ત્રીઓને સરખી રીતે લાગુ પડતી હતી અને તેમને છૂટાછેડાની પરિસ્થિતિમાં ભરણપોષણ રૂપે જે કંઈ નાની રાહત આપતી હતી તેમાંથી મુસ્લિમ સ્ત્રીને બાકાત કરવામાં આવી. અને બંધારણના અનુ. ૧૪ નો છડેચોક ભંગ કરવામાં આવ્યો.

મુસ્લિમ સ્ત્રીઓ માટે નવો કાયદો કે જેમાં રક્ષણ (Protection) શબ્દનો ઉલ્લેખ છે અમલમાં આવ્યો. ખરેખર આ કાયદો રક્ષણ છે કે સજા (Punishment) તે નક્કી કરવું રહ્યું. વળી તેમાં અર્થવિહીન, તર્કવિહીન જોગવાઈ એ મૂકવામાં આવી કે જો પક્ષકારો ઇચ્છે કે તેમને પોતાનો કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૨૫ અન્વયે ચલાવવો છે તો તેઓ તેમ કરી શકશે. શું આ જોગવાઈનો કોઈ અર્થ છે? ફરી એકવાર જસ્ટીસ ક્રિશ્રા ઐયરને ટાંકવા પડશે. તેમના મતે આ કલમ "વર્ષની શ્રેષ્ઠ મજાક" (Joke of the year) હતી. આ નવા કાયદાથી જે ભયંકર ખરાબ પરિણામ આવ્યું છે તે એ કે મૌખિક ત્રણ તલ્લાકની વાત કાયદા માન્ય હતી જ, તેમાં હવે ભરણપોષણ આપવામાંથી પણ મુક્તિ મળતાં મુસ્લિમ પત્નીઓની સ્થિતિ અત્યંત કફોડી થઈ ગઈ છે. તલ્લાકનું પ્રમાણ વધી ગયું છે. નવા કાયદાથી મુસ્લિમ સ્ત્રીને ભરણપોષણ માટે પોતાનાં મા-બાપ અથવા તેમની મિલકતના વારસદારો અથવા છેવટે વકફ કમિટિઓ પાસે જવાનું કહેવામાં આવ્યું છે. એટલે કે જે અધિકાર હતો તે છીનવી લેવાયો અને હવે તેને દરવાજે દરવાજે ભટકતી કરી દેવામાં આવી. આપણા ભારતીય સમાજમાં કેટલા મા-બાપ સાસરેથી પાછી આવેલી દીકરીને રાખવા તૈયાર હોય છે? તો બીજી બાજુ મિલકત કોની? જ્યાં મિલકત જ નથી ત્યાં તેના વારસદારો વિશે કલ્પના કરી લેવી જરા વધુ પડતું લાગે છે અને વકફ બોર્ડ મુસ્લિમ નવાબોનાં રાજ્યો જેવા કે હૈદરાબાદ કે દિલ્હી, અથવા મોટાં શહેરો અમદાવાદ કે મુંબઈ દરેક જગ્યાએ પોતે જ આર્થિક તંગીમાં છે ત્યાં આવી સ્ત્રીઓને શું મદદ કરશે? સૌથી વધારે આશ્ચર્ય તો એ વાતનું છે કે કાયદા પ્રમાણે જેણે કૃત્ય કર્યું હોય, પરિણામની જવાબદારી પણ તેની હોય તે સિદ્ધાંતને અહીં સાવ ભુલાવી દેવાયો છે. એટલે કે તલ્લાક પતિ આપે પરંતુ ભરણપોષણ માટે બીજા બધા જવાબદાર થાય સિવાય કે પતિ. બીજો વિરોધાભાસ એ જોવા મળે છે કે મુસ્લિમ વૈયક્તિક કાયદા મુજબ દીકરી પુખ્ત વયની થાય ત્યાં સુધીની જવાબદારી પિતાની છે. તો પછી તલ્લાક પામેલી સ્ત્રીની જવાબદારી તેનાં મા-બાપને કેવી રીતે આપી શકાય? આ ચર્ચાના અંતે એમ કહી શકાય કે મુસ્લિમ પત્ની આ નવા કાયદાથી હિન્દીમાં કહીએ તો "બેમૌત મારી ગઇ હૈ". મુદ્દાઓ ઘણા નીકળી શકે કે જે સમાન નાગરિક ધારાની માગણીને વધુ મજબૂત બનાવે તેમ છે. જેમ કે વારસા હકમાં દીકરીને દીકરા કરતા અડધો જ અધિકાર આપવામાં આવે છે. કારણ એ દર્શાવાયું છે કે દીકરીના માથે કમાવાની જવાબદારી નથી. તેને સામાજિક જવાબદારી પણ ઉઠાવવાની નથી. પરંતુ આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. કેટલાંય કુટુંબો



દીકરીઓની કમાણી ઉપર નભી રહ્યાં છે. સ્વાભાવિક છે કે આ દીકરીઓ સામાજિક જવાબદારી પણ ઉઠાવતી હશે. તો પછી શા માટે આજે જોગવાઈ બદલાવી ન જોઈએ?

મુસ્લિમ વૈયક્તિક કાયદામાં સાક્ષીઓની બાબતમાં પણ સ્ત્રીઓ તરફ અવિશ્વાસની નજરે જોવામાં આવી રહ્યું છે. એટલે કે એક પુરુષની સાક્ષીના બદલામાં જો સ્ત્રીને સાક્ષી આપવી હોય તો એક નહીં પરંતુ બે સ્ત્રીએ સાક્ષી આપવી પડે. કેટલું અપમાનજનક !

હું માનું છું કે મુસ્લિમ સ્ત્રીને ગૌરવપૂર્ણ જીવન જીવવા દેવા માટે હવે આ લિંગભેદ રાખતા કાયદાઓ બદલી નાખવાની ખૂબ જ તાતી જરૂરિયાત છે. ધર્મનિરપેક્ષ ભારતમાં આજે આઝાદીને પચાસ વર્ષ થવા આવ્યાં છે છતાં મુસ્લિમ સ્ત્રી, એક તો પોતે સ્ત્રી છે તે કારણે અને બીજું મુસ્લિમ સ્ત્રી છે તે કારણે ખૂબ જ અપમાનજનક સ્થિતિમાં પછાત જીવન જીવી રહી છે. મારું અંગત મંતવ્ય છે કે આપણે આઝાદ થયા ત્યારથી જ સમાન નાગરિક ધારો અમલમાં લાવવો જોઈતો હતો કારણ કે ધર્મના પાયા ઉપર જે દેશની રચના થવાની હતી તે તો થઈ જ ગઈ હતી. જેઓ ધર્મને જ પોતાની નીતિ બનાવવા માંગતા હતા તેઓ પણ ત્યાં જતા રહ્યા હતા. આપણે તો સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકશાહી દેશની રચના કરી છે. શા માટે આપણે એક જ દેશના નાગરિક હોવા છતાં જુદા જુદા ધર્મ આધારિત વૈયક્તિક કાયદાઓ દ્વારા જીવનક્રમ ચલાવવો પડે છે?

સમાન નાગરિક ધારાના વિરોધીઓને મારે પૂછવું છે કે શરિયતની આડ લઈને તેઓ શા માટે મુસ્લિમ સ્ત્રીઓ સાથે અન્યાય કરી રહ્યા છે? તેમની પાસે છે કોઈ જવાબ કે શા માટે તેઓ શરિયતના એ જ ભાગનો અમલ કરાવવા માગે છે જેમાં તેમને ફાયદો છે? કેમ દારૂ, જુગારનાં પ્રતિબંધની વાતને તેઓ નથી સ્વીકારતા? શા માટે ફોજદારી અપરાધો માટે ઇસ્લામી કાનૂનની વાત નથી કરતા? આ કેવી પ્રમાણિકતા છે કે જેમાં શરિયતની જોગવાઈમાંથી મુખ્ય વાતો ઉઠાવી લેવી પરંતુ તેના માટે જે પૂર્વ અને પશ્ચાત શરતો આપવામાં આવી છે તેનું પાલન ન કરવું? જેમ કે મહેરની રકમ જે નિકાહ વખતે નક્કી કરવામાં આવે છે તે કેટલી સ્ત્રીઓને મળે છે? એક અભ્યાસ પ્રમાણે એક ટકા (૧%) સ્ત્રીઓ જ પોતાનું મહેર મેળવી શકે છે. ૯૯ ટકાને નથી મળતું અથવા તે માફ કરી દે છે.

તે જ રીતે બહુપત્નીની વાતમાં આજ્ઞા તો એમ કહે છે કે બીજી, ત્રીજી કે ચોથી પત્ની છૂટાછેડા લીધેલી ત્યકતા કે નિઃસહાય હોય તેવી સ્ત્રી હોવી

જોઈએ. પરંતુ જ્યાં પણ આવો કિસ્સો બને છે ત્યાં જોવા મળે છે કે પુરુષ કરતાં ઘણી નાની ઉંમરની સ્ત્રીઓ સાથે તેવાં લગ્નો થતાં હોય છે. કેટલાક લોકો બહુપત્નીત્વની વાતનો એવો છીછરો બચાવ કરે છે કે તે તો આશીર્વાદ સમાન પ્રથા છે. સમાજમાં અનૈતિક પ્રવૃત્તિઓ ઉપર તેના દ્વારા અંકુશ લાવી શકાય છે. તલ્લાક આપવાની બાબતમાં આજ્ઞા આપવામાં આવી છે કે તે વાત અલ્લાહને સખત નાપસંદ વાત છે. છતાં જો સાથે રહેવું અશક્ય થઈ પડ્યું હોય તો છૂટા પડવું. આ વાતને આજે મૌખિક રીતે તાર, ટપાલ, કે ટેલિફોન ઉપર તલ્લાક આપતા કેટલા પતિ વિચારે છે ? અને તેવા તલ્લાકને માન્યતા આપતા કેટલા ઉલેમાઓ વિચારે છે ? પશ્ચિમ માટે કહેવાય છે કે ત્યાં છૂટાછેડાનું પ્રમાણ વધુ છે કારણ એ છે કે સ્ત્રી તેની સામે થતા અન્યાય પરત્વે સભાન બની છે. જ્યારે અહીં છૂટાછેડાનું પ્રમાણ વધી રહ્યુ છે કારણ કે સ્ત્રીઓ એવી 'સિસ્ટમ'નો ભોગ બની રહી છે કે જેનો 'અંકુશ' તેના પોતાના હાથમાં નથી . ધર્મના નામે ચુસ્ત અને બિનચુસ્ત મુસ્લિમ એવો કોઈ ભેદ ઇસ્લામે તો પાળ્યો નથી તો આ ભેદ આવ્યો ક્યાંથી?

**સમાન નાગરિક ધારાનો વિરોધ શા માટે ? :** મુસ્લિમ વૈયક્તિક કાયદામાં જ્યારે પણ પરિવર્તન કરવાની વાત આવે છે ત્યારે કેટલાક કટ્ટરપંથીઓ તરફથી 'શરિયત બચાવો' 'ઈસ્લામ ખતરેમેં હૈ' જેવા નારાઓ દ્વારા ગંદુ રાજકારણ રમવાની શરૂઆત થઈ જાય છે. હકીકતમાં શ્રી અસગરઅલી એન્જિનિયરે કહ્યું છે તેમ શરિયત જ્યાં સુધી કુરાન શરીફ પર આધારિત છે ત્યાં સુધી મનુષ્ય પ્રેરિત માની શકાય જેમાં સમય સાથે પરિવર્તન થઈ શકે. અનુ. ૨૫ની આડમાં આ લોકો કહે છે કે અમારા અધિકાર ઉપર તરાપ થશે. તો શું તેમને શાહબાનુને મળી શકતા અનુ. ૧૪ના અધિકારોની સહેજ પણ ચિંતા ન થઈ ? મુસ્લિમ વૈયક્તિક કાયદો કહે છે કે સમાન નાગરિક ધારો લાવવાની વાત એ આંતરરાષ્ટ્રીય માનવ-અધિકારના મુસદ્દા (International Charter of Human Rights)ના વિરુધ્ધની વાત છે. એક સ્ત્રીના મૂળભૂત અધિકારોને છીનવ્યા પછી શું એમને માનવીય અધિકારની વાત કરવી શોભે છે ખરી ? તેઓ તો એમ પણ કહે છે કે બંધારણમાંથી અનુ. ૪૪ ને જ રદ કરવામાં આવે. કારણ કે નહિતર ત્યાં સુધી તેમના માથે તલવાર લટકતી જ રહેશે !



કેટલાક મધ્યમાર્ગી મુસ્લિમો સમાન અધિકાર ધારાનો એ માટે વિરોધ કરે છે કે મુસ્લિમ સમાજની કેટલીયે પાયાની સમસ્યાઓ છે જેવી કે ગરીબી, બેકારી, નિરક્ષરતા કે જ્યાં ગણતરીપૂર્વક તેમને પછાત રાખવામાં આવ્યા છે, કોમી હુલ્લડોમાં સરકારી મશીનરી પણ આયોજનબદ્ધ રીતે તેમને અત્યાચારનો ભોગ બનાવે છે, આ બધા પ્રશ્નોની ચર્ચા એટલી તીવ્રતાથી નથી કરવામાં આવતી. જેટલી તીવ્રતાથી મુસ્લિમ વૈયક્તિક કાયદાને બદલવાની ચર્ચા કરવામાં આવે છે. તેઓ સમાન નાગરિક ધારાની માંગણીને સ્વીકારતા એટલા માટે પણ અચકાય છે કારણ કે તે માંગણી કેટલીક કોમવાદી સંસ્થાઓ પણ કરી શકે છે. તેઓ દહેશત સેવે છે કે રખેને સમાન નાગરિક ધારો એ હિન્દુ ધારો હોય ! આ બધા કારણસર કોઈ પણ લઘુમતી પોતાની ઓળખ વિશે વધુ પડતી સજાગ બને. તે જ પ્રયત્ન મુસ્લિમોનો પણ છે. પરંતુ શું, તે જુદી ઓળખ સમાજનો અડધો ભાગ ધરાવતી સ્ત્રીઓના ભોગે હોઈ શકે ખરી ? શું મુસ્લિમ સમાજની એ ઓળખ હોઈ શકે કે નેવુ ટકા વેશ્યાઓ મુસ્લિમ છે ! હરગીઝ ન હોવી જોઈએ. આજે કહેવાતા મૌલવીઓ, ઉલેમાઓ, બની બેઠેલા નેતાઓ કે જેઓ સમાન નાગરિક ધારાનો વિરોધ કરે છે તેમને એ ફુરસદ છે કે તેઓ પોતાના મુસ્લિમ ભાઈને પ્રશ્ન કરે, કે પાંચ બાળકોના જન્મ બાદ તલ્લાક આપવાનું કારણ શું ? ટેલિફોન ઉપર તલ્લાક આપી શકાય ? ૬૫ વર્ષની ઉંમરે પત્નીને તલ્લાક આપવી યોગ્ય છે ? શા માટે ૫૫ વર્ષની ઉંમરનો આરબ ભારતમાં આવીને ૧૪ વર્ષની કુમળી કન્યાને પરણે, પોતાની હવસ સંતોષે અને ત્યાર બાદ બજારમાં વેચી દે ? માત્ર પોકળ નારા લગાવીને દેશની અશિક્ષિત મુસ્લિમ પ્રજાને શા માટે ભોળવો છો ? તમે તો વિદેશી ગાડીઓમાં ફરો છો. તમારા બાળકો વિદેશમાં અભ્યાસ કરે છે. સામાન્ય મુસ્લિમ માટે તમે શા માટે ધર્મના નારા લગાવો છો ? હવે મુસ્લિમ સમાજે આ અંગે વિચારીને પોતાનો વ્યૂહ નક્કી કરવો જોઈએ.

**મુસ્લિમ દેશોમાં શું સ્થિતિ છે ? :** કેટલાય મુસ્લિમ દેશોમાં સ્ત્રીની તરફેણમાં કાયદામાં સુધારા કરવામાં આવ્યા છે જેમ કે ટ્યુનિશિયા અને તુર્કીમાં બહુપત્નીત્વ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. પાકિસ્તાનમાં મુસ્લિમ કૌટુંબિક કાયદો ઓર્ડિનન્સ ૧૯૬૧થી લવાદ સમિતિની મંજૂરી વિના બીજા લગ્ન ન કરી શકાય. નિકાહનામું રજીસ્ટર કરાવવું જરૂરી છે. તે જ રીતે મૌખિક તલ્લાકને કોઈ

માન્યતા નથી. મોરોક્કો અને સિંગાપુરમાં કાઝીની તપાસ અને મંજૂરી વિના બીજા લગ્ન ન થઈ શકે. ઈરાકમાં પતિની નાણાંકીય સ્થિતિનો સંતોષકારક રિપોર્ટ મળે ત્યાર બાદ બીજા લગ્નની મંજૂરી મળે છે. દક્ષિણ યમનમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટની લેખિત મંજૂરી મેળવવી પડે છે. ઈજિપ્તમાં જો પત્નીની મરજી વિના તલ્લાક આપવામાં આવ્યા હોય તો તેને 'પ્લેઝર એલાઉન્સ' તરીકે રકમ મળે છે. યમન, સુદાન, તુર્કી, ટ્યુનિશિયામાં પણ ભરણપોષણ મળે છે.

**ભારતમાં શું સ્થિતિ છે ? :** જો ઇસ્લામિક રાષ્ટ્રોમાં પરિવર્તન થઈ શકતાં હોય તો ભારત જેવા ધર્મનિરપેક્ષ રાષ્ટ્રમાં શા માટે તેમ ન થઈ શકે ? સરકારે હવે એ વાતમાંથી બહાર આવી જવું પડશે કે સમાન નાગરિક ધારાની માંગણી જે તે જૂથમાંથી આવવી જોઈએ. એટલે કે લોકોમાંથી આવવી જોઈએ. કારણ કે તેવું તો શક્ય જ નહીં બને. જો લોર્ડ વિલિયમ બેન્ટિકે આવી રાહ જોઈ હોત તો સતીપ્રથા નાબૂદીનો કાયદો અમલમાં આવ્યો જ ન હોત. મુસ્લિમ વૈયક્તિક કાયદામાં પણ અસંખ્ય સુધારા થયા જ છે. આજે સરકારની હસ્તક્ષેપ ન કરવાની નીતિના કારણે તેમાં કટ્ટરપંથીઓનો સૂર ભેગો થયો છે અને સરકાર નિષ્ક્રિય બેસી રહી છે. સરકારને અમે જણાવીએ છીએ કે મૌલવીઓ, ઉલેમાઓ કે કહેવાતા રાજકીય આગેવાનો સમગ્ર મુસ્લિમ કોમનું પ્રતિનિધિત્વ નથી કરતા. આ વાતની પ્રતીતિ લાખો તલ્લાકપીડિત સ્ત્રીઓ કરાવશે. આઝાદી પહેલાં જો મુસ્લિમ વૈયક્તિક કાયદામાં પરિવર્તન થઈ શક્યાં છે તો હવે શા માટે ન થઈ શકે ? તર્કનો સવાલ છે. જેમ કે ભારતીય દંડ સંહિતા (Indian Penal Code) ૧૮૬૦, ફોજદારી કાર્ય સંહિતા ૧૮૯૮ (મુસ્લિમ વૈયક્તિક કાયદા ના સ્થાને), બાળ લગ્ન પ્રતિબંધક ધારો (Child marriage restraint Act) ૧૯૨૯ વગેરેનું અમલમાં આવવું શકય બની શકયું જ છે. મુસ્લિમ વૈયક્તિક કાયદામાં ગુલામ પ્રથાને ૧૮૪૩માં રદ કરવામાં આવી. મુસ્લિમ કાયદા પ્રમાણે મુસ્લિમને શિક્ષા કરવા માટે પુરાવો આપનાર વ્યક્તિ પણ મુસ્લિમ હોવી જોઈએ તે વાત ભારતીય પુરાવાના અધિનિયમ ૧૮૭૨થી રદ કરવામાં આવી. મુસ્લિમનો કેસ સાંભળવા માટે ન્યાયાધીશ પણ મુસ્લિમ હોવો જોઈએ તે વાત પણ નથી રહી. ટૂંકમાં સરકાર ઈચ્છે તો આજે પણ આ કામ કરી શકે છે. જો હજુ સરકાર એમ કહેતી હોય કે ભારતમાં સમાન નાગરિક ધારો લાવવા માટે યોગ્ય સમય નથી તો સીધે સીધું તે દિશામાં જતાં શરૂઆતના



તબક્કામાં દરેક વૈયક્તિક કાયદામાં સુધારા કરીને લિંગભેદ મુક્ત કાયદો બનાવી સમન્યાયની દિશામાં આગળ વધવું જોઈએ. અને તે રીતે છેવટે દરેક વૈયક્તિક કાયદામાંથી સારી બાબતો ભેગી કરી સમાન નાગરિક ધારાની દિશામાં જવું જોઈએ કારણ કે સમાન નાગરિક ધારાની માગણી મૂળ તો સ્ત્રીને ન્યાય આપવા માટેની છે નહિ કે કોઈના ધર્મ સાથે ચેડા કરવાની કે કોઈની કોમી લાગણીઓ ઉશ્કેરવાની. વિચારતા થઈશું આપણે સૌ આ દિશામાં ?

# સમાન નાગરિક ધારો
# અને
# નારી મુક્તિ આંદોલન

વિભૂતિ પટેલ

સમાન નાગરિક ધારાની ચર્ચાએ છેલ્લાં ૮ વર્ષમાં ઘણું ઉગ્ર સ્વરૂપ પકડયું છે. એક બાજુ વધુને વધુ બહેનો પોતાના અંગત જીવનના કડવા અનુભવોને લઈને વૈયક્તિક કાયદાનાં વિવિધ પાસાંઓને પડકારી રહી છે અને સ્ત્રી-પુરુષ સમાનતાવાળા વ્યવહારની માંગ કરી રહી છે. બીજી બાજુ વિવિધ ધર્મના વડાઓ અને રાજકીય નેતાઓ સમાન નાગરિક ધારાનો વિરોધ કે તરફેણ કરી રહ્યા છે. આવે વખતે નારી મુક્તિમાં માનનારા બધાએ કેવું વલણ અખત્યાર કરવું એ મહત્ત્વનું બની જાય છે.

આપણા દેશનાં સ્ત્રીહક્ક માટે લડતાં સ્ત્રી સંગઠનોની સામે ૧૯૮૦થી સતત એક સમસ્યા આવે છે. ધર્મ પર આધારિત વૈયક્તિક કાયદાઓ સંબંધિત જેમ કે લગ્ન, છૂટાછેડા, સંપત્તિહક્ક, બાપીકા અથવા સાસરિયાના ઘરમાં રહેવાનો હક્ક, બાળકના વાલીપણા તથા પાલકત્વનો હક્ક, પોતાના સહીસિક્કા કરી સરકારી દસ્તાવેજો પર મોહર મારવાનો હક્ક જેવા પ્રશ્નો લઈ વધુને વધુ બહેનો સ્ત્રીસંગઠનો પાસે સહાયની માગણી કરે છે. હિન્દુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, આદિવાસી તથા વિવિધ જાતિના રૂઢિગત કાયદાઓ જુદી જુદી રીતે સ્ત્રીના હક્કો અને ફરજોને નક્કી કરે છે. આને લઈને આજના તૂટતા જતા માનવસંબંધોના સંદર્ભમાં મા-બાપ, બેન-ભાઈ, દીકરો-મા, દીકરી-બાપ, પતિ-પત્ની વગેરે સંબંધોમાં કોને કેટલા હક્કો મળે અને કોની કેટલી ફરજો એ અંગે વાદવિવાદ ચાલે છે જે ફક્ત શબ્દો સુધી સીમિત ન રહેતાં મારામારી, ખૂન, માનસિક અને શારીરિક ત્રાસ સુધી અને રાજકીય વિખવાદ સુધી પહોંચે છે. માટે જ સમાન નાગરિક ધારાની ચર્ચા ખૂબ સંવેદનશીલતા સાથે અને માનવીય પાસાને ધ્યાનમાં રાખી કરવાની જરૂર છે.

**રાષ્ટ્રવ્યાપી સ્તરે ચર્ચા :** ભારત સરકારે લઘુમતી પંચ બનાવીને સમાન નાગરિક ધારાની ચર્ચાને વેગ આપ્યો. આમ તો આઝાદી પ્રાપ્ત કર્યા પછી સંવિધાનની ચર્ચા છેડાઈ એ વખતે જ આ પ્રશ્ને ખૂબ મતભેદો અને મનભેદો થયા હતા. ડૉ. આંબેડકરનું માનવું હતું કે બંધારણીય સમાનતાના સિદ્ધાંતને અનુસરી, સ્ત્રી-પુરુષ સમાનતાના મૂલ્યોનું અમલીકરણ કરવા માટે સમાન નાગરિક ધારો હોવો અનિવાર્ય ગણાય. પણ એ વખતે કોંગ્રેસનું માનવું હતું કે એમ કરવામાં લઘુમતી કોમના નેતાઓ નારાજ થઈ જશે માટે 'ધાર્મિક સ્વાતંત્ર્ય'ના નામે દરેક ધર્મના સમુદાયને જુદા જુદા વૈયક્તિક કાયદા અને નીતિઓ અનુસરવાની અને જનજાતિઓને પોતાના પરંપરાગત રીતરિવાજોને અનુસરવાની છૂટ અપાઈ. ડૉ. આંબેડકરે બંધારણીય સમિતિમાંથી રાજીનામું આપ્યું. આઝાદીના પ્રારંભનાં 30 વર્ષોમાં આ બાબત પર ખાસ ધ્યાન પણ ન અપાયું. આ પરિસ્થિતિમાં છેલ્લાં ૧૫ વર્ષમાં પરિવર્તન આવ્યું કારણ દેશની નીચલી કોર્ટો, હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટમાં હજારો બહેનોએ પોતપોતાના ધર્મના વૈયક્તિક કાયદાઓમાં સ્ત્રી-પુરુષ માટે વપરાતી બેવડી નૈતિકતાને પડકાર કર્યો. આવા કેસોમાં લતા મિત્તલનો વંશ પરંપરાગત ઘરમાં રહેવા માટેનો પોતાના સગા ભાઈઓ સામેનો કેસ, મેરી રોય દ્વારા સિરિયન ખ્રિસ્તી સંપ્રદાયમાં દીકરીને સમાન સંપત્તિહક્ક મળે એ માટે બંધારણને લલકાર, આદિવાસી બહેનો દ્વારા પોતાના જમીન હક્કને પ્રસ્થાપિત કરવા જાહેર હિતમાં સુપ્રીમ કોર્ટના બારણા ખખડાવવા, શહનાઝ શેખ દ્વારા શરિયતના કાયદાને પડકાર અને તલ્લાક શુદા શાહબાનુનું પોતાના ભરણપોષણનો ખર્ચ મેળવવા પોતાના પતિ સામે કોર્ટે ચડવું વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

**કૌટુંબિક કાયદાઓ સામે સ્ત્રી સંગઠનો :** નવાં સ્ત્રીસંગઠનોમાં વિભિન્ન જાતિ, ધર્મ, પ્રાંત અને ભાષાની બહેનો કામ કરતી હોય છે અને એમની પાસે સહાય પ્રાપ્ત કરવા જતી બહેનો પણ વિવિધ સ્તરોમાંથી આવતી હોય છે. આવે વખતે એવી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કે જેનાથી સ્ત્રીને બળ મળે છે ત્યારે જ્ઞાતિ કે ધર્મના ધુરંધરોમાં અસલામતીની ભાવના ઊભી થાય છે. નાસીપાસ થઈ સ્ત્રીના કુટુંબીજનો નાતના વડીલો પાસે ભાગે છે. જ્યારે સ્ત્રીને પોતાના સમાજમાં કોઈ સહારો ન હોવાને લઈને તે નારીસંગઠનો પાસે આવે છે. કાયદામાં જે કાંઈ જોગવાઈ છે એટલું કરવા જતા પણ સ્ત્રી સંગઠનોને માટે લોઢાના ચણા ચાવવા જેવું બની જાય છે કારણ તેમના પર 'કુટુંબની શાંતિ જોખમાવવા'ના આક્ષેપ પણ જે તે સમાજનાં ધુરંધરો મૂકતા હોય છે. દહેજને લઈને ત્રસ્ત દલિત બહેન કહે છે કે 'દહેજનો રિવાજ અમારા સમાજમાં હતો



જ નહીં, અને છતાંય મારા સાસરિયા રોજ નવી નવી માગણી મૂક્યા કરે છે.' તો ન્યાતના વડીલો એને 'પોતાના સમાજની અંદરની બાબત પારકા સામે મૂકવા' બદલ શિક્ષા કરે. સ્ત્રીસંસ્થાઓ આ અંગે અવાજ ઉઠાવે તો એમને 'પરનાતવાળા' કે 'ધાર્મિક લાગણીઓ ભડકાવનાર' કહે. આદિવાસી બહેનો બહુપત્નીત્વ સામે અવાજ ઉઠાવી કહે કે 'આ રિવાજ તો આદિવાસી સમાજમાં હતો જ નહીં.' તો પંચના સભ્યો એને 'ડાકણ' ઘોષિત કરી શારીરિક કે માનસિક ત્રાસ આપે. સ્ત્રીસંગઠનો આવે વખતે પ્રવૃત્તિશીલ થાય તો એમને રાજ્યની કોઈ સહાય ન મળે, ઉપરથી રાજકારણીઓ એમને 'છાનામાના બેસી રહો' એવી સલાહ આપે. આ સંજોગોમાં સ્ત્રી- સંગઠનો અસહાયતાની લાગણીથી પીડાય એ સ્વાભાવિક છે.

**કેટલાક જવલંત ઉદાહરણો :** મેરી રોયે ત્રાવણકોર સિરિયન ખ્રિસ્તી કાયદામાં સંપત્તિ હક્કની બાબતમાં દીકરી અને દીકરા વચ્ચે ભેદભાવ અંગે વિરોધ નોંધાવી, પોતાના અંગત અનુભવોને આધારે સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કરી ૧૯૮૦ના દાયકામાં ઘણી મોટી લડત ચલાવી. મેરી રોયની દલીલ હતી કે એમની કોમ એટલે કે સિરિયન ખ્રિસ્તીઓમાં સંપત્તિ હક્કના કાયદાની રૂએ બહેનોને વધુમાં વધુ ફક્ત રૂ. ૫૦૦૦ - અથવા તો એની સરખામણીમાં એટલી કિંમતની વસ્તુઓ જ મળે અને એ સિવાયની કૌટુંબિક સંપત્તિ ભાઈને મળે. આ ખૂબ જ અન્યાયી પ્રથા છે. તેઓ કેરાલાના કોટાયન જિલ્લાના ખૂબ ધનાઢ્ય પરિવારમાંથી આવે છે. તેમના ભાઈઓએ પોતાની વગ વાપરી મેરી રોયને ચૂપ કરવા ઘણા હવાતિયાં માર્યા. પણ સ્ત્રી સંગઠનોનો મેરી રોયને સાથ હતો માટે ફાવ્યા નહીં. પહેલી વાર તેમના કેસની સુનાવણી થઈ ત્યારે સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે મેરી રોયની પડખે કેટલી બહેનો છે ? શું મેરી રોયની માગણીને એમની કોમની બીજી બહેનોનો પણ સાથ છે ? બહુમત ખ્રિસ્તી સમાજ મેરી રોયને સાથ આપે છે એની સાબિતી શું ? આના જવાબમાં યંગ વિમેન ક્રિશ્ચિયન એસોસિયેશન (YWCA), કેથોલિક સભા, ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ઑફ ક્રિશ્ચિયન વિમેન (AICCW) અને દેશભરના નારીમુક્તિ સંગઠનોએ જાહેરસભાઓ યોજી, કાર્યશાળાઓમાં વિશદ ચર્ચાઓ કરી પીટીશન-અરજી-આવેદનપત્ર તૈયાર કરી હજારોની સંખ્યામાં જુદા જુદા સંપ્રદાયનાં ક્રિશ્ચિયન ભાઈ-બેનોની સહીઝુંબેશ આદરી. આના પરિણામરૂપે સુપ્રીમ કોર્ટે મેરી રોયની માગણી પર મંજૂરીની મહોર મારી. મેરી રોયની કાયદાની લડાઈમાં જીત થઈ તેનાથી સંકુચિત માનસવાળા પાદરીઓએ સિરિયન ક્રિશ્ચિયન સમુદાયના ભાઈઓ અને પિતાઓને ધાર્મિક ઉપદેશના

નામે સમજાવવાની કોશિશ કરી કે વીલ એવી રીતે બનાવવા કે જેથી બહેન-દીકરીઓને કૌટુંબિક સંપત્તિમાંથી એક કાણી પાઈ પણ ન મળે.

મેરી રોય પોતાની અંગત લડાઈ લડીને જ બેસી ન રહ્યાં. એમની પાસે વખાની મારી ઘણી બહેનો પોતાના સંપત્તિ અને છૂટાછેડાના કેસ લઈને આજે પણ આવે છે.

ખ્રિસ્તી બહેનોને લાગુ પડતો બીજો મહત્ત્વનો કાયદો છે ભારતીય છૂટાછેડાનો કાયદો (Indian Divorce Act). ૧૮૬૫. આ જરીપુરાણો કાયદો સંસ્થાનવાદી નીતિની પેદાશ છે. ગુલામ ભારતમાં બ્રિટિશ શાસનકર્તાઓ, અમલદારો અને કર્મચારીઓ ઘણા મોટા પ્રમાણમાં પોતાના કુટુંબીજનો વગર રહેતા. એમાંના મોટી સંખ્યામાં ભારતીય-સ્થાનિક સ્ત્રી સાથે છૂપી રીતે અથવા ખુલ્લમખુલ્લા દેહસંબંધ બાંધતા. આ સંબંધોમાંથી બાળકો પણ થતાં. પોતાની ગોરી પત્નીને બ્રિટનમાં અને સ્થાનિક રખાતને ભારતમાં ભોગવી શકાય એ માટે શાસનકર્તાઓએ ખ્રિસ્તી લોકો માટેનો છૂટાછેડાનો કાયદો એવી રીતે બનાવ્યો કે જે મુજબ ફક્ત વ્યભિચાર અથવા એકથી વધુ સ્ત્રી સાથે સંબંધ રાખવો એવા એક જ કારણસર કોઈ પણ સ્ત્રી છૂટાછેડા ન માગી શકે. જો ખ્રિસ્તી સ્ત્રીને છૂટાછેડા જોઈએ તો તેણે વ્યભિચાર ઉપરાંત તેના પતિની ક્રૂરતા, અકુદરતી સમાગમ, પશુવૃત્તિ, લોહીની સગાઈવાળી વ્યક્તિ સાથે શારીરિક સંબંધની સાબિતી લાવવી પડે. જ્યારે ખ્રિસ્તી પુરુષ તો પોતાની પત્ની પર વ્યભિચારિણીનો આક્ષેપ લગાવે કે તરત જ તેને છૂટાછેડા મળી શકે. આ કાયદાને લઈને હજારોની સંખ્યામાં ખ્રિસ્તી બહેનો અસહ્ય શારીરિક તથા માનસિક ત્રાસનો ભોગ બનવા છતાં દુઃખી લગ્નજીવન ગાળવા મજબૂર બને છે. જે ખ્રિસ્તી પતિ પોતાની પત્નીનો કાંટો કાઢવા માગે છે તે તેણીને વ્યભિચારિણીનું બિરૂદ આપી તગેડી મૂકે છે. સમાજમાં એ બહેન બદનામીને લઈને લાચાર જીવન ગાળે છે. બીજી બાજુ, જે પરિણીત ખ્રિસ્તી સ્ત્રી પતિના માર, દારૂડિયાપણા, ગાળો વગેરેથી ત્રાસી પતિને છૂટા થવાની વિનંતી કરે છે તેને નફફટ પતિ કહે છે કે તું બધા સગાવહાલાની સાપે બોલ કે તું પરપુરુષ સાથે આડા સંબંધ રાખે છે તો હું તને છૂટાછેડા આપીશ. નોકરી કરતી ઘણી ક્રિશ્ચિયન સ્ત્રીઓને તો તેમના પતિ આ રીતે વારંવાર બ્લેકમેઈલ કરે છે. આજે સેશનકોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ખ્રિસ્તી બહેનોએ ઘણા કેસો દાખલ કર્યા છે. છૂટાછેડાના કાયદામાં સુધારો લાવવા માટે ૧૯૯૦માં રાષ્ટ્રીય સંમેલન પણ યોજ્યું. નારી કેન્દ્ર, મુંબઈ અને YWCA, AICCWના સંયુક્ત પ્રયાસોથી યોજાયેલ આ સંમેલનની ધારી અસર થઈ. અત્યારે ખ્રિસ્તી ધર્મના દરેક



સંપ્રદાયમાં છૂટાછેડાના કાયદામાં પરિવર્તનની માગણી અંગે ગરમાગરમીભરી ચર્ચા ચાલે છે. સંસ્થાનવાદના વારસા સમાન આવો કાયદો દુનિયાના મોટા ભાગના દેશોમાં જોવા મળતો નથી તો શા માટે ભારતમાં આવો જરીપુરાણો કાયદો હોવો જોઈએ ? એવો પ્રશ્ન સ્ત્રી-સંગઠનો કાયદા આયોગ (Law Commission) ને પૂછી રહ્યાં છે.

હિન્દુઓ માટેના સંપત્તિ હક્ક સામે ૧૯૮૦ના દાયકામાં ઘણી ચર્ચા થઈ. એ માટે નિમિત્ત હતાં બે બહેનો - લત્તા મિત્તલ તથા તેનાં નાના બહેન. કલકત્તાનિવાસી આ બહેનોએ પોતાના નાના ભાઈ- ભાંડુઓના ભણતર અને કુટુંબની આર્થિક જવાબદારીને પહોંચી વળવા લગ્ન ન કર્યાં અને નોકરી કરી ઘર નભાવ્યું. વર્ષો જતાં ભાઈઓનું ભણતર પૂરું થયું, ભાઈઓએ લગ્ન કર્યાં, ભાભીઓ ઘરમાં આવી, બાળકો પેદા થયા; અને બહેનોની ઉંમર વધી, વૈતરાં કરવાની શક્તિ ઓછી થઈ, માંદગી વધી. - 'મેઘે ઢાકા તારા' (ઋત્વિક ઘટકની ફિલ્મ)ની જેમ જ તો ! ભાઈ-ભાભીઓએ લત્તા અને તેની બહેનને વંશપરંપરાગત ઘરમાંથી તગેડી મૂકવાની પેરવી કરવા માંડી. માનસિક ત્રાસ - મહેણાં, ટોણાં, લડાઈ, ઝઘડા, ભેદભાવભરેલા વર્તનથી વાજ આવી બન્ને બહેનોએ સુપ્રીમ કોર્ટમાં કેસ નાંખ્યો- સંપત્તિહક્ક પ્રસ્થાપિત કરવા. મિતાક્ષરના કાયદા પ્રમાણે દીકરી વંશપરંપરાની સંપત્તિની કર્તા ન બની શકે. ફક્ત દીકરાને જ એ હક્ક મળે. લત્તા મિત્તલ કેસની જીત સાથે આ રૂઢિગત વિચારધારામાં ફર્ક આવ્યો. ત્યાર બાદ સ્ત્રીધન સંબંધિત કેસના ચુકાદામાં પ્રગતિશીલ વલણ અખત્યાર કરવામાં આવ્યું.

ફિલ્મ અભિનેત્રી સરિતા સામે જ્યારે એના પતિએ 'લગ્નહક્ક ભોગવવાના કાયદા'ની રુએ અરજી નાખી ત્યારે નીચલી કોર્ટ, ઉપલી કોર્ટ અને વડી અદાલત દ્વારા થયેલ વર્તન સમજવા લાયક છે. ગામડાના ગરીબ કુટુંબમાંથી આવેલ સરિતાને દક્ષિણની ફિલ્મોમાં ઘણા વર્ષોના સંઘર્ષ બાદ ઊંચું સ્થાન મળ્યું. પ્રસિદ્ધિ મળતાં પતિ, સરિતાને પોતાના કાબૂમાં લેવા લલચાયો. સરિતાએ તેનો વિરોધ કરતાં તેના પતિએ' લગ્નહક્ક ભોગવટા' (Restitution of Conjugal rights) ના કાયદા હેઠળ નીચલી અને ત્યાર બાદ વડી અદાલતમાં કેસ નાખ્યો. વડી અદાલતે ઘણો પ્રગતિશીલ ચુકાદો આપી જણાવ્યું કે કોઈ પણ પતિ પોતાની પત્નીની ઇચ્છા વિરુદ્ધ લગ્નહક્ક એટલે કે એના શરીરનો ઉપભોગ કરે એ વાજબી નથી. પત્નીને તે પરાણે પોતાની પાસે રાખી ન શકે. સરિતાના પતિએ વડી અદાલતમાં હાર ખાધા પછી સુપ્રીમ કોર્ટમાં અરજી નાખી. સુપ્રીમ કોર્ટનો ચુકાદો આશ્ચર્ય પમાડે તેવો તો ન જ

કહેવાય કારણ ૧૯મી સદીથી આ સવાલ અંગે સ્ત્રીવિરોધી ચુકાદાઓની હારમાળા જોવામાં આવી છે. ચુકાદામાં જણાવવામાં આવ્યું કે સરિતાએ પોતાના પતિની માગણીને અનુસરી પતિની સાથે રહેવું જોઈએ. આ ચુકાદાથી સ્ત્રીસંગઠનોમાં ઘણી નારાજગી આવી. લગ્નસંબંધમાં, પતિ-પત્નીના સંબંધોમાં, પારસ્પારિકતા અને લોકશાહીભર્યો વ્યવહાર જેવા વિચારો સર્વપ્રથમ ચર્ચાતા જોવામાં આવ્યા. ખાલિસ્તાનવાદીઓએ જ્યારે બહેનોના જમીનહક્ક તફડાવી લેવાની વાત કરી અને ચારદ નનામી (જેમાં ઘરની વિધવા વહુ પોતાની ઇચ્છા કે ઇચ્છા વિરૂદ્ધ.... ઘરના દિયેર કે જેઠ સાથે ફરી પરણે જેથી જમીનનું વિભાજન થતું અટકેનો રિવાજ) ફરી સ્થાપવાની વાત ચગાવી ત્યારે પંજાબના ગામડાઓમાં હજારો બહેનોએ આ જરીપુરાણો, સ્ત્રીને ઢોરની જેમ ગણતો રિવાજ પુનઃ સ્થાપિત ન થાય તે માટે ઠેરઠેર દેખાવો કર્યા. જો કે છાપાંઓએ આ વાતની નોંધ (ખાસ રીતે) નહોતી લીધી.

**શાહબાનુ કેસ અને અસ્મિતાનું રાજકારણ :** છેલ્લા દોઢ દાયકામાં મુસ્લિમ બહેનો દ્વારા વ્યક્તિગત અને રાજકીય રીતે ઘણા સંઘર્ષો કરાયા છે, જેની ગંભીર નોંધ લેવામાં આવી નથી. લઘુમતી કોમની સમસ્યાઓની ચર્ચા જ્યારે જ્યારે પણ કરવામાં આવે છે ત્યારે જાણે એ કોમમાં ફક્ત પુરુષો જ હોય એ રીતે જ પ્રશ્નોની છણાવટ થાય છે. જાણીતા વકીલ ફલેવિયા એગ્નેસના મતાનુસાર

All Minorities are Men

All Women are Hindus

But Some of Us are brave.

બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે જ્યારે લઘુમતી કોમની ચર્ચા થાય ત્યારે તેમાં કોમના પ્રશ્નોના નામે પુરુષો જે કહે તે જ સ્વીકારી લેવામાં આવે, લઘુમતી કોમની સ્ત્રીઓના પ્રશ્નોને નેવે જ ચઢાવાય. સ્ત્રીઓના હક્કોની વાત કરવામાં આવે તો ત્યારે નીતિના ઘડવૈયાઓ, કાયદાશાસ્ત્રીઓ અને રાજકારણીઓના માનસપટ પર હિંદુ સ્ત્રીઓ જ છવાયેલી હોય. આવા પ્રતિકૂળ સંજોગોમાં પણ પારસી, ખ્રિસ્તી, શીખ, મુસ્લિમ, આદિવાસી બહેનોએ બહાદુરીપૂર્વક પોતાના પ્રશ્નોને વાચા આપી સંઘર્ષ આદર્યો છે.

જ્યારે મુલ્લાઓએ ફતવો બહાર પાડ્યો કે સુન્ની મુસ્લિમ બહેનો સિનેમા જોવા ન જઇ શકે ત્યારે રઝિયા પટેલની આગેવાની હેઠળ મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં 'સિનેમા જોવા જાઓ,' અભિયાન છેડાયું. ગોવામાં રશીદા



મુઝવ્વરે દીવ, દમણ અને ગોવામાં શરિયત કાયદો લાગુ ન કરવામાં આવે એ માટે અભિયાન છેડ્યું. આ ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં અત્યારે પણ 'ડચ સમાન કાયદો' લાગુ પડે છે. આથી ત્યાંની દરેક ધર્મની બહેનો સમાન નાગરિક ધારા હેઠળ આવે છે. રશીદાની સંસ્થાના ૫૦૦૦ યુવાન-યુવતીઓનું એમને પીઠબળ હતું. કટ્ટરપંથીઓએ એમને ધાક-ધમકી આપી, એમના ઘર પર પથ્થરમારો કર્યો, સાઇકલ ચલાવી જતા રશીદાને આંતરી લઇ ખૂબ સતામણી કરી, પરંતુ રશીદાબેને પીછેહઠ ન કરી અને 'ભાગલા પાડો ને રાજ કરો'ની રાજકારણીઓની નીતિને ખુલ્લી પાડી.

સત્યશોધક મુસ્લિમ સભાના મહેરુન્નિસા દલવાઇ તલ્લાકશુદા બહેનોને સહારો આપી સમાન નાગરિક ધારા અંગે ઝુંબેશ ચલાવતાં. આ સંગઠનના અખ્તરુન્નિસા સૈયદ નામના બહેને મુસ્લિમ બહેનોને બાળક દત્તક લેવાનો હક્ક મળે તે માટે જાહેર હિતનો કેસ કોર્ટમાં દાખલ કર્યો હતો. ૧૯૮૪માં શહેનાઝ શેખે દેશની સુપ્રીમ કોર્ટમાં શરિયત બિલના ભેદભાવ ભરેલ પાસાને પડકાર ફેંક્યો. તેમણે બહુપત્નીત્વ, પડદાપ્રથા, બાળકના વાલીપણાનો હક્ક અને એકતરફી તલ્લાક જેવા સ્ત્રીને અન્યાય કરતાં પાસાંઓનો વિરોધ નોંધાવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્ત્રી સંગઠનોનો સાથ-સહકાર માગ્યો. ૧૯૮૦ અને ૧૯૮૫ના આંદોલનનાં રાષ્ટ્રીય સંમેલનોમાં મુસ્લિમ કાર્યકર્તાઓએ પોતાના પ્રશ્નો અને કાર્યક્રમોની ગંભીરતાથી છણાવટ કરી હતી. વધતાં જતાં કોમી રમખાણો અને ધાર્મિક ઝનૂનને લઇને લઘુમતી કોમની બહેનોમાં અસુરક્ષાની ભાવના વધી રહી હતી. તેમના જીવન પર ધાર્મિક વડાઓનું વર્ચસ્વ વધી રહ્યું હતું. આ પશ્ચાદ ભૂમિકામાં શાહબાનુ કેસને સમજવાની જરૂર છે. શાહબાનુ નામક એક વયોવૃદ્ધ મહિલાને વર્ષો સુધી ચાલેલ કાયદાની લડાઇ પછી વડી અદાલતે ભરણપોષણની નાનકડી રકમ આપતો ચુકાદો આપ્યો. શાહબાનુના પતિએ. કે જેઓ પોતે ભોપાલ હાઇકોર્ટના જાણીતા વકીલ હતા અને જેમણે ઘણી તલ્લાકશુદા મુસ્લિમ બહેનોને કોર્ટે ચડી ભરણપોષણ અપાવેલ, જ્યારે પોતાને રકમ આપવાનો વારો આવ્યો ત્યારે 'ઇસ્લામની વિરુદ્ધ' જઇ શાહબાનુ પાપકૃત્ય કરી રહી છે એમ વાત ચગાવી. એમની દલીલ હતી કે એક તલ્લાકશુદા સ્ત્રી પોતાના અગાઉના પતિ પાસેથી ફૂટી કોડી પણ લે એ વાત હરામની ગણાય. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં જ્યારે શાહબાનુને ભરણપોષણની રકમ આપવાની વાત થઇ ત્યારે ઇસ્લામ અંગે કેટલાક વિધાનો અતિશય વાંધાજનક હતાં. આ વિધાનોનો ઉપયોગ બંને ધર્મો-હિંદુ અને મુસ્લિમ-ના કટ્ટરપંથીઓએ

પોતપોતાની રીતે કરી અસ્મિતાના રાજકારણને ખૂબ બહેલાવ્યું. એક બાજુ, 'હિંદુત્વ'ના હિમાયતીઓએ 'હિંદુસ્તાન બચાવો' અને ' ભારતીય સંસ્કૃતિ ખતરેમેં હૈ'ના નારા લગાવી લાખો લોકોને શેરીમાં આણ્યા અને સમાન નાગરિક ધારાની માગણી કરી, શાહબાનુને 'ન્યાય' અપાવવા મગરનાં આંસુ સાર્યાં. બીજી બાજુ મુસ્લિમ કટ્ટરપંથીઓ પણ 'ઇસ્લામ ખતરેમેં હૈ'ના નારા દ્વારા લાખો મુસ્લિમોને શેરીમાં લાવ્યા. શાહબાનુ પર ભયંકર માનસિક ત્રાસ ગુજારવામાં ધર્મના વડાઓએ જરાય પાછીપાની ના કરી. આખરે શાહબાનુએ ભરણપોષણની રકમ સ્વીકારવાની ના પાડી. રાજીવ ગાંધી સરકારે ૧૯૮૬માં જરા ય વિલંબ કર્યા વગર 'તલ્લાકશુદા મુસ્લિમ બહેનોના રક્ષણના હક્કનો કાયદો' (Muslim Women's Protection of Rights on Divorce) પસાર કર્યો. ભારતીય ઇતિહાસમાં સ્ત્રીહક્કોના સંદર્ભે આ ઘણી મોટી હાર હતી. ધીમે ધીમે ઊભુ થતું મુસ્લિમ બહેનોનું આંદોલન નૈતિક હિંમત હારી ગયું. મુસ્લિમ બહેનો પર વધુ ને વધુ બંધનો આવી ગયાં પણ સાથે સાથે મુસ્લિમ બહેનો સ્ત્રી સંસ્થાઓ પાસે પણ મોટા પ્રમાણમાં આવતી થઇ કારણ એમને સહારો આપે એવી કોઇ સંસ્થા કે પક્ષ રહ્યા ન હતા. નાની ઉંમરની મુસ્લિમ બાળાઓના આરબ પ્રવાસીઓ સાથે લગ્ન કરવાથી માંડીને વેશ્યાગારોમાં બળજબરીથી મુસ્લિમ બહેનોને વેચી મારવામાં પણ ધર્મગુરુઓનો હાથ હતો અને આવી પરિસ્થિતિમાં એમને રક્ષણ સ્ત્રી સંસ્થાઓનું જ હતું. હિંદુ કટ્ટરપંથીઓએ ૧૯૮૭માં દેવરાલા સતીકાંડને 'ભારતીય સંસ્કૃતિ'ના પ્રતીક તરીકે ઘોષિત કરી જનમાનસને કોમવાદી બનાવ્યું. 'સ્ત્રીશક્તિ અભિયાનો' અને દુર્ગાવાહિનીઓની મદદથી શિક્ષિત મહિલા અને બાળકોને કોમી વૈમનસ્યમાં તરબોળ કરી નાખ્યાં. આ રીતે ડિસેમ્બર-૧૯૯૨ના જનસંહાર માટે વાતાવરણ તૈયાર થયું.

**લઘુમતી કોમના રાજકારણીઓ અને ધર્મગુરુનું વલણ :** લઘુમતી કોમની બહેનોએ જ્યારે વૈયક્તિક કાયદાના અન્યાયી પાસાને આહ્વાન આપ્યું ત્યારે મોટા ભાગના રાજકારણીઓ અને ધર્મગુરુઓએ એ બહેનો વિરુદ્ધ પ્રચાર ઝુંબેશ આદરેલી. સંઘર્ષ કરતી બહેનોના કુટુંબીજનો સાથે મળીને 'કોમનું નામ બગાડતી' આ 'વંઠેલ' બેનોને ઠેકાણે પાડવાના પ્રયત્ન કરેલા. બેંગલોરના કોરિન કુમાર, મુંબઇના ફલેવિયા, કાલીકટના સીસ્ટર એલિસ કે પછી શહનાઝ, રઝિયા પટેલ, રશીદા મુઝવ્વર, અખ્તરુન્નિસા સૈયદ, મુમતાઝ રહીમતપુરા, મહેરુન્નિસા દલવાઇ વગેરેને કોમના લોકો તરફથી બહિષ્કાર અને અસહ્ય અંગત મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો. વ્યક્તિગત હક્કો માટે



લડવા બાબતે એમને સમાજે 'સ્વાર્થી' 'આત્મકેન્દ્રી', 'ઇર્ષાળુ' વગેરે ઉપનામો આપેલા. આ લોકો તલ્લાકશુદા, તરછોડાયેલી બહેન માટે તો થોડી ઘણી પણ સહાનુભૂતિ બતાવે પણ જો કોઇ સ્ત્રીએ સંપત્તિહક્ક માટે સંઘર્ષ આદર્યો તો એ સ્ત્રીની વલે જ કરી નાખે. પણ સાથે સાથે એ પણ કહેવું જોઇએ કે લઘુમતી કોમના રાજકારણીઓ અને ધર્મગુરુઓ પોતાના કુટુંબની બહેન-દીકરીઓના હક્કોનું જતન કરવા ખૂબ તત્પર રહે પણ પારકાંને ઉપદેશ આપવાનો આવે તો શરિયતની તદ્દન સ્ત્રી વિરોધી નીતિને બિરદાવે. તેઓ ખ્રિસ્તી, શીખ કે પારસી ધર્મનું પોતાની સગવડ પ્રમાણેનું અર્થઘટન કરતા જણાય છે. તો વળી આ આગેવાન હસ્તીઓ બિનસાંપ્રદાયિક સ્ત્રી સંગઠનોની મદદ લઇ હિંદુ કટ્ટરપંથીઓએ ઊભા કરેલ ભયનો મુકાબલો કરવા થોડેઘણે અંશે કટિબદ્ધ પણ થતા હોય છે, તો વખત આવ્યે સ્ત્રી સંગઠનોની મધ્યસ્થીથી પ્રશ્નોનો તોડ પાડવાનો પ્રયત્ન પણ કરે, પરંતુ કાયદામાં બહેનોના હક્કોનું જતન કરવાની જોગવાઇ માટે દરેક ધર્મના ધર્મિષ્ઠ- નેતાઓ કે રાજકારણીઓ કદી કાર્યાન્વિત થયેલ જોવામાં આવ્યા નથી. ઊલટાનું પોતાની બહેન-દીકરીઓ દુઃખી થાય ત્યારે આ જ ધાર્મિક નેતાઓ તેમને સ્ત્રીસંગઠનો પાસે મોકલે છે. આમ જાહેરમાં નારીમુક્તિના લડવૈયાઓને વગોવવા-વખોડવા અને પોતાના પગ નીચે રેલો આવે ત્યારે ખાનગીમાં એમની મદદ માંગવા જવું એવી નીતિ તેઓ અખત્યાર કરે છે.

**આદિવાસી બહેનો પ્રણાલીગત કાયદાઓને પડકારે છે :** મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાની, આદિવાસી બહેનોએ પ્રણાલિકાગત કાયદાઓના કેટલાંક સ્ત્રીવિરોધી પાસાંઓને પડકારવાની પહેલ કરી. અર્થવિકાસની નીતિએ આદિવાસી સમાજને અત્યંત પાયમાલ કરી નાખ્યો છે. જંગલ સાથેનો એમનો ઘનિષ્ટ નાતો તૂટવાથી એમનો જીવનસંઘર્ષ કપરો બન્યો છે. નવા જંગલ કાયદાઓએ એમને માટે જરૂરી લાકડું અને પશુપાલન માટે ઘાસચારો પ્રાપ્ત કરવાનું મુશ્કેલ બનાવી દીધું છે. બિનઆદિવાસી અમલદારોનો એમના જીવન પર વિધ્વંસક ઘોંચપરોણો વધ્યો છે. આદિવાસી બહેનો પરના અત્યાચારો વધ્યા છે. એક આદિવાસી બહેન પર બિનઆદિવાસી પુરુષ બળાત્કાર કરે અથવા તો શારીરિક સંબંધ રાખે તો તે સ્ત્રી પોતાનો જમીનહક્ક ગુમાવે છે. સ્થળાંતરને લઇને ઘણાં કુટુંબો તૂટી રહ્યાં છે. આવે વખતે જીવનનિર્વાહ માટે જમીનહક્ક આદિવાસી બહેનોનો મહત્ત્વનો આધાર છે. જે કુટુંબમાં સ્ત્રી પરિત્યકતા કે છૂટાછેડા પામેલી, કે પછી વિધવા હોય તે ઘરના કુટુંબીજનો આ સ્ત્રીને ભાગે આવતું એનું ખોરડું, જમીન, ઢોર ખૂંચવી લેવા

તેને 'ડાકણ' ઠરાવી, ભૂવાઓની મદદ લઇ મારી નાખવા કોશિષ કરે છે. સિંગભૂમ (બિહાર), દહાણુ (થાણા-મહારાષ્ટ્ર), સંથાલ પરગણા (બંગાળ) અને ઉત્તરપૂર્વના કેટલાક ભાગોમાં આ અંગે બહેનોએ સંગઠિત થઇ પરિસ્થિતિ બદલવાના પ્રયાસો કર્યા છે. અત્યારે ભારતની સર્વોચ્ચ અદાલતમાં આદિવાસી બહેનોના જમીનહક્ક માટે બે પિટિશનો દાખલ કરાઇ છે. આ માટે આગેવાની લેનાર બહેનો બે દાયકાથી દિવસ-રાત આદિવાસી સમાજની આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સમસ્યાઓ પર કાર્યરત છે. લાસ જાંકો (બિહાર) અને ભૂરીબાઇ-ઠગીબાઇ (મહારાષ્ટ્ર)ના સંનિષ્ઠ કાર્યથી આજે આદિવાસી બહેનોની અસ્મિતા ઉભરી છે, એટલું જ નહીં એમનામાં પરિસ્થિતિને બદલવાની અનોખી ખુમારી દેખાય છે.

**માનવ અધિકારમાં માનતા નાગરિકોનું કર્તવ્ય :** આજે કેટલાક તત્ત્વો ધર્મના નામે એક 'સમાંગીકરણ' (homogenisation) ની પ્રક્રિયાને વેગવંત બનાવવા કોશિષ કરી રહ્યાં છે. ચારે બાજુ ભયનું વાતાવરણ ફેલાવી પોતાના સરમુખત્યારી ખ્યાલો ઠોકી બેસાડી ધાર્મિક અસ્મિતાને ઉભારવા તેઓ મરણિયા પ્રયાસો કરી રહ્યા છે. વૈવિધ્યમાં એકતાનો અભૂતપૂર્વ ભારતીય વારસો જેમાં વિવિધ ભાષા, રંગ, પહેરવેશ, રહેણીકરણીની શૈલી, વિચારોની ખુલ્લી આપ-લેને સ્થાન છે તેને ભૂંસી કાઢવા હિંસાચાર આચરી રહ્યા છે. આ હિંસાચારનો સૌથી મોટો શિકાર સ્ત્રીઓ અને બાળકો બન્યાં છે. સમાજ સ્ત્રીને ધર્મ, સંસ્કૃતિ, સંસ્કારના પ્રતીક તરીકે જુએ છે. આક્રમણકારો જ્યારે પણ કોઇ સંસ્કૃતિ-સમુદાય પર પ્રહાર કરે છે ત્યારે તેના વિનાશ માટે સૌથી અસરકારક અંગ સ્ત્રીને માને છે. 'સ્ત્રી પરના અત્યાચાર'થી પોતાના કહેવાતા વિરોધીઓની નૈતિક હિંમત તોડી નાખવાની કોશિષ થાય છે. ધર્માંધતામાં કે ફક્ત પોતાના જ ધર્મની સર્વોપરિતામાં રાચતા લોકો હંમેશ બિનલોકશાહી પ્રણાલીના જ પોષક રહેવાના. આવા સંજોગોમાં માનવ અધિકારમાં માનતા, માનવીય ગૌરવની ઉપાસના કરતા, સ્ત્રી દાક્ષિણ્યના ભારતીય વારસાને પુલકિત કરવાની ખેવના રાખતા દરેક માણસે ધાર્મિક કટ્ટરપંથનો બોલીને, લખીને, નાનકડી સભાઓ કરીને, પોતાના વાણી-વિચાર-વર્તન થકી મુકાબલો કરવો જોઇએ. દરેક ધર્મ, પ્રાંત, ભાષા, પહેરવેશવાળા લોકો સાથે મિત્રાચાર, અવરજવર, વાતચીત, ઘનિષ્ટતા વધારવાં જોઇએ. આંતરજ્ઞાતિય-આંતરધર્મીય લગ્ન કર્યા હોય એવાં યુગલોને માટે આવકારનું એક સામાજિક વાતાવરણ ઊભું કરવું જોઇએ. જનતા જુદા જુદા સમાજના રીતરિવાજો, હક્કો-ફરજોને પોતાના જાતઅનુભવથી જાણી જ્યારે નક્કી કરશે કે ક્યા ધર્મમાં



ક્યાં સારાં અને ક્યાં નબળાં પાસાં છે, ત્યારે જ 'સમાન નાગરિક ધારા'ની ચર્ચા અર્થસભર બનશે.

**જાતિ અને જનજાતિ પંચ સામે પડકાર :** આજના પૂર્વગ્રહયુક્ત સામાજિક વાતાવરણમાં દરેક જાતિ અને જનજાતિ વધુ ને વધુ અંતરાભિમુખ (inward looking) બની રહી છે. જાતિના વડાઓ અને પંચના સભ્યો જે કહે તે કાયદો. જાતિની શુદ્ધતાના નામે 'પરનાત' સાથે હળવા- મળવાનું ઓછું કરવું, આંતરજ્ઞાતિય વિવાંહ થાય તો મારામારી- ખૂનામરકી સુધી પહોંચી જવું, નવા નવા ખોટા ચીલા પાડવા, ખર્ચાળ લગ્ન યોજવા, દહેજની પ્રથા જ્યાં ન હતી ત્યાં લાદવી, એકથી વધુ પત્નીઓ રાખી પોતાનું સમાજમાં સ્થાન ઊંચું છે એમ બતાવવા કોશિષ કરવી જેવા આચારો આ લક્ષણના દ્યોતક છે. આ માટે સૌથી વિશેષ જવાબદાર વ્યક્તિઓ સમાજના અગ્રેસરો અને રાજકીય નેતાઓ છે. પોતાની સત્તાનો દુરુપયોગ કરી, ધાકધમકી અને ગુંડાગીરીની ભાષામાં વાત કરતા આગેવાનો સ્ત્રીને એક રમકડાથી વિશેષ માનતા નથી. પોતાના અંગત જીવનમાં લગ્ન, છૂટાછેડા, બાળકનું વાલીપણું, સંપત્તિ જેવી બાબતોમાં પોતાની મા, પત્ની, બહેન, દીકરી, રખાત અને સ્ત્રી સહકાર્યકરને દાબમાં રાખવા માટે સ્ત્રી વિરોધી વૈયક્તિક કાયદાઓની મદદ લેવામાં તેઓ કોઇ નાનમ અનુભવતા નથી. સામાન્ય નાગરિકો પછી આનું અનુકરણ કરી સ્ત્રીઓને અન્યાય કરે છે. જાતિ અને જનજાતિ પંચ કેટલીક વાર બહેનોની વહારે ધાય છે, પણ મોટા ભાગે તો જેમની પાસે સંપત્તિ-સત્તા છે તેમને જ એટલે કે પુરુષોને જ મદદ કરે છે. માટે આજે વધુ ને વધુ બહેનો, જાતિપંચોથી નારાજ થઇ કોર્ટના દ્વાર ખખડાવે છે. જ્યાં જ્યાં કૌટુંબિક કોર્ટ (Family Court) બનાવવામાં આવી છે, ત્યાં ત્યાં કૌટુંબિક કોર્ટની મદદથી પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરે છે અને છેલ્લે કોઇ જ સહારો ન હોય ત્યારે સ્ત્રીસંગઠનો પાસે મદદ માગે છે. ભ્રષ્ટ તંત્રો હલે જ નહીં, વાટાઘાટનો જવાબ જ્ઞાતિપંચો ધાક-ધમકીથી આપે ત્યારે સ્ત્રીસંગઠનો મોરચા કાઢી પ્રશ્નોને જાહેરમાં લાવે છે. આજે જાતિપંચોએ પોતાની પ્રવૃત્તિનું પૂર્ણ મૂલ્યાંકન કરી બદલાતી પરિસ્થિતિને અનુરૂપ થઇ સ્ત્રીઓને ન્યાય મળે એ દ્રષ્ટિ કેળવવાની તાતી જરૂરિયાત છે.

**બિનસાંપ્રદાયિકતાવાદ, કોમી એખલાસ કેવી રીતે વધારી શકાય ? :** સમાન નાગરિક ધારાની ચર્ચાને વસ્તુગત રીતે, ઠંડા મગજથી સમજવા માટે સૌપ્રથમ જરૂર છે, બિનસાંપ્રદાયિક અને કોમી એખલાસનું વાતાવરણ ઊભું કરવાની. જે નામ પ્રયોજાતાની સાથે જ જો કોમી દંગાફસાદ, મારામારી, કાપાકાપી, તૂટેલાં મન, બળેલાં શરીર, રક્તના ગળતા દેહો અને

મડદાઓની હારમાળા જ ઊભી થવાની હોય તો એ નામ મને મંજૂર નથી. મારે મન સ્ત્રીઓના હસતા ચહેરા, બાળકોના મુખ પર શાંતિ અને સલામતીપૂર્ણ હાસ્ય, વધારે મહત્ત્વનાં છે. મુક્ત મને રસ્તા પર હરતી ફરતી અને પરસ્પર હળતી મળતી, પોતાના અભ્યાસ અને ભાવિ વિશે મુક્તપણે વિચારનો વિનિમય કરતી વિવિધ ધર્મની યુવાન છોકરીઓનાં દ્રશ્યો આપણાં સામાજિક જીવનમાં સહજ બને તે અગત્યનું છે. લોકશિક્ષણનો ઝોક એવો હોય કે જેમાં ધાર્મિક-કટ્ટરપંથ વગર 'માનવ અધિકાર'ના સંદર્ભમાં દરેક ધર્મ-સમુદાયની સ્ત્રીઓને ગરિમાયુક્ત જીવન મળે. કોઈ નેતા-અભિનેતાની મુઠ્ઠીમાં ઘેટાંબકરાંની જેમ દોરાઈને આંધળુકિયા કર્યા વગર, આખા આવામને-જનસમૂહને આગળ વધારવાની વાત થાય. હિંદુ ધર્મવાળા 'તત્ત્વમસિ' અને ' વસુધૈવકુટુંબમ્'ની ભાવનાથી પ્રેરાય, ખ્રિસ્તીઓ પાડોશીને પ્રેમ કરો (Love Thy Neighbour) અને મુક્તિના ધર્મતત્ત્વ (Liberation Theology) થી પ્રેરાય, મુસ્લિમો 'ખેરાત', 'ઈમાન' અને 'સારે બુલંદી'માં માનતા થાય અને શીખો ગુરુનાનકની ત્યાગની ભાવનાથી ભીના થાય ત્યારે જ સમાન નાગરિક ધારાના સ્વપ્નને સાકાર કરવાની પૂર્વભૂમિકા તૈયાર થશે. કાયદાકીય અને વાસ્તવિક સ્ત્રીસમાનતા માટે આજે ઠોસ માંગ સાથે બહેનો પિયર અને સાસરિયામાં પોતાના સંવિધાનના હક્કો મેળવવા મેદાને પડી છે. આવી બહેનોને તન, મન, ધનથી ટેકો આપવાનું કામ કરી દુખિયારી સ્ત્રીઓના ખંડેર જીવનની પુનર્રચનાનું ભગીરથ કાર્ય નારીમુક્તિમાં માનતા સંગઠનો કરતાં આવ્યા છે અને કરતાં રહેશે જ.

**સ્ત્રી-પુરુષ સંબંધોમાં સમાનતાના સિદ્ધાંતોને વરેલ વ્યક્તિ, સંગઠન, રાજકીય પક્ષ શું કરી શકે ? :**

અત્યારે ફક્ત શબ્દો અર્થહીન બની ગયા છે. પોતાના કાર્ય અને અંગત જીવનશૈલી થકી જ્યાં સુધી આપણે આપણા આદર્શોને અમલમાં નહીં ઉતારીએ ત્યાં સુધી કોઈ શુક્રવાર વળવાનો નથી. ધર્માંધતાનું રાજકારણ અને સ્મૃતિ, મુલ્લા, ધાર્મિક ત્રાસવાદની જોહુકમીનું શાસન અને બહેનોના સમાન હક્કનું અર્થકારણ સમજી નબળાને બળવાન બનાવવાની જે બંધારણીય જોગવાઈઓ ભારતમાં પૂરી પાડવામાં આવી છે તેને વાસ્તવિક જીવનમાં અસરકારક બનાવવા, ન્યાયતંત્ર, અમલદારશાહીતંત્ર, પોલીસતંત્ર, જનસંગઠનો, જ્ઞાતિનાં સંગઠનો, રાજકીય સંગઠનોએ આગળ આવવું જ પડશે. આંતરજાતિય અને આંતરધર્મીય લગ્નો વધતાં જ રહ્યાં છે. લોકો પોતાના કામના સ્થળે, રેસ્ટોરા-કાફેમાં, શાળા-કોલેજોમાં, પ્રવાસ-પર્યટન દરમિયાન વિવિધ



જ્ઞાતિ-ધર્મના લોકો સાથે મળવાને લઈને એક બીજાની વેશભૂષા, વર્તન, પાકશાસ્ત્રના અખતરા, સાંસ્કૃતિક વારસા- લોકગીતો-લોકનૃત્યો ઈત્યાદિનું આદાનપ્રદાન પહેલાં કદી ન કર્યુ હોય એટલી હદે કરી રહ્યાં છે. આમાં દેશના ખૂણે ખૂણે વ્યાપેલ રેડિયો અને દૂરદર્શને અભૂતપૂર્વ ભાગ ભજવ્યો છે. ધીરે ધીરે નવી આદર્શમૂર્તિઓ (Role Models) ઊભી થતી જ જાય છે. જે આજની બહુસાંસ્કૃતિક (Multicultural) પરિસ્થિતિના પડકારોને ઝીલી શકે. લઘુમતિ કોમની શિક્ષિત બહેનો બંધારણીય સમાનતાની જોગવાઈની માહિતી ધરાવે છે. વ્યક્તિગત જીવનમાં અગણિત અંતરાયો અને અવરોધો અનુભવવા છતાં વધુ ને વધુ સંખ્યામાં સ્ત્રીઓ અન્યાય સામે અવાજ ઉઠાવી રહી છે. આ સંજોગોમાં સમાન નાગરિક ધારા અંગે (એના હાર્દ, જોગવાઈઓ, વિગતો, ટેકૃનિકલ બાબતો) લોકશાહીપૂર્ણ ઢબેં દલીલો, જાહેર ચર્ચા અને રાજકીય દ્રષ્ટિ કેળવાય તો જ સ્ત્રી-પુરુષની સમાનતાવાળો બિનસાંપ્રદાયિક નાગરિક ધારો લાવી શકાય.

# સમાન નાગરિક ધારો

– કેટી મહેતા

એવું કહી શકાય કે આપણે સૌ એક પ્રકારના માળખામાં જન્મ્યા છીએ. આ માળખું એટલે આપણી જાતિ અથવા સમાજ કે જેને પોતાની માન્યતાઓ, ક્રિયાકાંડો, રિવાજો અને પરંપરાઓ છે. આપણે બધા ધાર્મિક તેમજ સામાજિક માળખામાં જન્મ્યા છીએ. પરિણામે કેટલાક ગમા-અણગમા સ્વભાવગત બની ગયા છે. આપણામાંના મોટા ભાગના આ બધી બાબતોના મૂળમાં જતા નથી તેથી પરંપરાગત રીતે ચાલી આવેલ રિવાજો, ક્રિયાકાંડો, પ્રણાલિકાઓ અને ધાર્મિક માન્યતાઓના આવરણવાળું જીવન જીવવામાં સંતોષ માનીએ છીએ.

કાયદો અને ધર્મ પ્રાચીન સમાજમાં એકબીજા સાથે ઘનિષ્ઠ રીતે વણાયેલા હતા. માણસજાત જ્યારે અર્ધપ્રાથમિક અવસ્થામાં હતી ત્યારે મોટાભાગના ધર્મોનો જન્મ થયો. તે વખતે રાજ્ય દ્વારા ઘડાયેલ નિયમોએ હજુ તેનું કાયદાકીય સ્વરૂપ પ્રાપ્ત કર્યું નહોતું. આને પરિણામે દરેક ધર્મે સામાજિક જીવનની એક શૈલી નક્કી કરી. તેમાંથી પછી દરેક કોમ કે ધાર્મિક સંપ્રદાય સાથે સંબંધિત વૈયક્તિક કાયદાઓ (Personal Laws) અસ્તિત્વમાં આવ્યા. ભારતની વાત કરીએ તો આપણી કાયદાકીય પદ્ધતિએ જુદી જુદી કોમો અને ધાર્મિક સંપ્રદાયોના સંદર્ભમાં લગ્ન, છૂટાછેડા, વારસો, દત્તકવિધિ, ભેટ, વસિયતનામું વગેરે સામાજિક પાસાંઓનું નિયંત્રણ કરવા માટે વિવિધ વૈયક્તિક કાયદાઓ અપનાવ્યા છે. આધુનિક સમાજમાં માણસની વિચારસરણી નવા ખ્યાલો અને અભિપ્રાયો તરફ વળી છે અને શિક્ષણના વિકાસ સાથે એ માણસજાત માટે આશાની એક દુનિયાનું સર્જન કરશે. આધુનિક સમાજે ધર્મને વૈધાનિક કાર્ય કરવામાંથી મુક્તિ આપી છે અને કાયદો

તથા ધર્મની ચોક્કસ સીમારેખા આંકી છે. રાજ્યની અને કાયદાની વિભાવના સ્પષ્ટ કરવામાં આવી છે, તેમજ કાયદા વડે સામાજિક સુધારણા અને સુખાકારીની અપેક્ષા રાખવામાં આવી છે. આ સંદર્ભમાં આપણે 'સમાન નાગરિક ધારો' (Uniform Civil Code) નો વિચાર કરવાનો રહે છે.

બંધારણની કલમ ૪૪ જણાવે છે કે રાજ્ય સમગ્ર ભારતના નાગરિકો માટે સમાન નાગરિક ધારો અમલમાં લાવવાનો પ્રયત્ન કરશે. બંધારણમાં આવી આદેશાત્મક જોગવાઇ હોવા છતાં રાજ્ય એનો અમલ કરવામાં નિષ્ફળ ગયું છે. રાજ્ય અર્થાત્ ભારતની ધારાસભા અને રાજ્યની વિધાનસભાઓએ આ જોગવાઇ પ્રત્યે વધારે પડતી સાવધાનીવાળો અભિગમ અપનાવ્યો છે અને જાળવ્યો છે. આ બાબતમાં સરકારની ઉદાસીનતા અને બેપરવાઇનાં કારણો સમજવાનું અઘરું નથી. સરકાર એવું દર્શાવવા ઇચ્છે છે કે નાગરિકોના કેટલાક વર્ગોમાં સમાન નાગરિક ધારા સામે જે તીવ્ર લાગણી પ્રવર્તે છે તે વિશે પોતે પૂરી સભાન છે અને તે આ લાગણીને ઠેસ પહોંચાડવા ઇચ્છતી નથી. બંધારણની કલમ ૪૪, જે બંધારણના ખરડાની કલમ ૩૫ હતી તેની જ્યારે બંધારણ સભામાં ચર્ચા હાથ ધરાઇ ત્યારે સમાજના પ્રત્યેક જૂથના વૈયક્તિક કાયદાને થનાર અસરના મુદ્દે ઉઠાવાયેલ વાંધાઓની વિચારણા પણ થઇ હતી. બંધારણ સભાના મદ્રાસના એક સભ્ય મોહંમદ ઇસ્માઇલ સાહેબે ખરડાની કલમ ૩૫માં એક પ્રબંધક દાખલ કરવાનો સુધારો સૂચવ્યો હતો. આ સુધારો આ પ્રમાણે હતો : શરત એ છે કે લોકોનાં કોઇ એક જૂથ કે કોમને પોતાનો જો કોઇ એવો વૈયકિતક કાયદો હોય તો તે છોડવાની તેને ફરજ પાડી શકાશે નહીં. આ સૂચિત સુધારાને સમર્થન આપતાં માનનીય સભ્યે એવો ભાર મૂક્યો કે વૈયકિતક કાયદા પ્રમાણે ચાલતી વ્યક્તિઓ માટે વૈયક્તિક કાયદો તેમની જીવનશૈલી, તેમના ધર્મ તથા સંસ્કૃતિનો ભાગ છે. વૈયકિતક કાયદાને અસર થાય તેવું કંઇ પણ કરવામાં આવશે તો તે પેઢીઓથી અને યુગોથી આ કાયદાઓનું પાલન કરતા લોકોની જીવનશૈલીમાં હસ્તક્ષેપ કરવા સમાન ગણાશે.

નિઝામુદીન અહમદ, મહેમુદ અલી બેગ, પોકર સાહેબ જેવા અન્ય મુસ્લિમ સભ્યોએ પણ આ જ કારણોસર સુધારાને ટેકો આપ્યો. પણ તેમના વાંધાઓનો ડૉ. મુનશી, સર અલાદીન, ક્રિષ્ના સ્વામી આયર અને ડૉ. આંબેડકરે અસરકારક જવાબ આપ્યો. સૂચિત સુધારા પર ટિપ્પણ કરતા, આ દેશને સંબંધ છે ત્યાં સુધી આખા ભારત દેશમાં મુસ્લિમ વૈયક્તિક કાયદા અપરિવર્તનીય અને એકસરખા છે એવા એક મુસ્લિમ સભ્યના વિવાદપ્રેરક વિધાન સામે ડૉ. આંબેડકરે વાંધો લીધો. તેમણે જણાવ્યું કે '૧૯૩૫ સુધી



ઉત્તર-પશ્ચિમ સરહદના પ્રાંતોમાં શરિયતના કાયદા અમલમાં નહોતા. વારસ તેમજ અન્ય કેટલીક બાબતોમાં આ પ્રાંતમાં હિંદુ કાયદો અમલી હતો અને તે એટલી હદે કે ૧૯૩૯માં કેન્દ્રની ધારાસભાએ દરમિયાનગીરી કરી ઉત્તર-પશ્ચિમ સરહદ પ્રાંતના મુસ્લિમો માટે હિંદુ કાયદો રદ કરી શરિયતનો કાયદો અમલમાં લાવવો પડ્યો. ઉત્તર-પશ્ચિમ સરહદ પ્રાંત ઉપરાંત બાકીના ભારતમાં પણ ૧૯૩૭ સુધી ખાસ કરીને સંયુક્ત પ્રાંતમાં, મધ્ય પ્રાંતમાં અને મુંબઇમાં વારસાની બાબતમાં મુસ્લિમોને હિંદુ કાયદો લાગુ પડતો. ઉત્તર મલબારમાં મરુજાકટટાયમ્ કાયદો બધાને લાગુ પડતો... માત્ર હિંદુઓને જ નહીં, મુસ્લિમોને પણ'.

ધર્મ અને સંસ્કૃતિ પર આધારિત દલીલોનો છેદ ઉડાડતા ડૉ. મુનશીએ કહ્યું : 'આમ છતાં મુદ્દો એ છે કે આપણે આપણા વૈયક્તિક કાયદાને એ રીતે એકરૂપ અને એકસમાન કરવા ઇચ્છીએ છીએ ખરા કે જેથી સમયાંતરે આખા દેશની જીવનશૈલી એકસમાન અને બિનસાંપ્રદાયિક બને ? આપણે ધર્મને વૈયક્તિક કાયદાથી છૂટો પાડવા ઇચ્છીએ છીએ, જેને સામાજિક સંબંધો કહેવાય તેમાંથી અથવા વારસા સાથે સંબંધ ધરાવતા પક્ષકારોના હક્કોથી તેને અલગ પાડવા ઇચ્છીએ છીએ'.

આથી એ સ્પષ્ટ છે કે બંધારણીય સભામાં કેટલાક સભ્યોએ ખરડાની કલમ ૩૫ના અમલમાંથી વૈયક્તિક કાયદાને બાકાત રાખવાની ખાતરી મેળવવા શક્ય તેટલા બધા પ્રયત્ન કર્યા હતા. પણ આ માગણીને નકારવામાં આવી, તેનો અસ્વીકાર કરવામાં આવ્યો અને ખરડાની કલમ ૩૫ને કોઇપણ પ્રકારના સુધારા વગર કલમ ૪૪ તરીકે ઉમેરવામાં આવી. આપણે કલમ ૪૪ સામે આઝાદીના ૪૭ વર્ષ બાદ પણ અસ્વીકૃત થયેલી એની એ જ ભૂમિકા પર આધાર રાખી દલીલો કરીએ છીએ.

સમાન નાગરિક ધારા વિશેના કેટલાક ખોટા ખ્યાલો પણ વિચારવા જોઇએ.

૧. સૂચિત ધારાનો અર્થ એ નથી કે હિંદુ ધારો અન્ય કોમોને લાગુ પાડવામાં આવશે. ઊલટું સમાન નાગરિક ધારો બધા જ વૈયક્તિક કાયદામાં રહી ગયેલી ઉણપોને દૂર કરશે, જેમાં હિંદુ કાયદાનો પણ સમાવેશ થઇ જશે અને તે એવી ખાતરી આપશે કે નાગરિકોના કુટુંબને લગતા કાયદાઓને પૂરેપૂરા તપાસવામાં આવશે.
૨. એવું સૂચવવામાં આવે છે કે સમાન નાગરિક ધારો માત્ર મુસ્લિમોને જ અસર કરશે, પણ એવું નથી. આ ધારો હાલમાં ભારતમાં પ્રવર્તતા

વૈયક્તિક કાયદાઓનું આધુનિકીકરણ કરશે. આ આધુનિકીકરણ અનુભવના આધારે કરાશે. અમુક ચોક્કસ જોગવાઈ સમાન નાગરિક ધારાનો ભાગ હોવી જોઈએ કે કેમ તે નક્કી કરવાનો માપદંડ કોઈ ધર્મના ધર્મગ્રંથો કે પક્ષીય રાજકારણની તાકીદની જરૂરિયાત નહીં હોય, પરંતુ ભારતમાં ઉદારમતવાદી, અખંડ અને સિદ્ધાંત-આગ્રહી સમાજનું નિર્માણ થાય એ હશે. જરૂરી માર્ગદર્શક રેખાઓ તરીકે હાલમાં અસ્તિત્વ ધરાવતા વૈયક્તિક કાયદાઓને માનવામાં નહીં આવે, પણ ભારતના બંધારણમાં સમાવિષ્ટ નાગરિકોના મૂળભૂત અધિકારોને માનવામાં આવશે અને તેમાંય ખાસ કરીને જાતિ કે જન્મ પર આધારિત ન હોય એવી સમાનતાના અધિકારને માનવામાં આવશે. સમાન નાગરિક ધારો સ્ત્રીઓ અને બાળકો માટે પણ તેમના ધર્મ કે જન્મને ધ્યાનમાં લીધા વિના અધિકાર આપશે. આથી એ જરૂરી છે કે મુસ્લિમ કોમના સભ્યોમાં રહેલો ભય કે હિંદુઓ સમાન નાગરિક ધારા દ્વારા મુસ્લિમો ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપવા ઈચ્છી રહ્યા છે, તે દૂર થવો જોઈએ.

સમાન નાગરિક ધારો એટલા માટે ઈચ્છનીય છે કે એનું લક્ષ નાત-જાત, ધર્મ, સંસ્કૃતિ, ભાષા અને પ્રણાલીઓની જે વિવિધતા છે તેમાં એકતા લાવવાનું છે. ભારતની બિનસાંપ્રદાયિક લોકશાહીએ હંમેશા આ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. જુદા જુદા વૈયક્તિક કાયદાને કારણે ધર્મપરિવર્તન દ્વારા કાયદામાં રહેલી ઊણપોનો લાભ લેવાય છે તેમજ ઉકેલ ન લાવી શકાય તેટલી મુશ્કેલીઓ ઊભી થાય છે. દાખલા તરીકે કોઈ એક હિંદુ મૃત્યુ પામે છે તો તેની વિધવા હિંદુ વારસા ધારા મુજબ વારસો મેળવે છે. પરંતુ બીજી વાર લગ્ન કરવાના હેતુથી આ પુરુષે ઇસ્લામ ધર્મ અંગીકાર કરેલો હોય તો તે હિંદુ વિધવાનો તેના પતિની મિલકતમાં વારસાનો કયો અધિકાર થશે ? જો કોઈ હિંદુ બીજા ધર્મની છોકરી સાથે હિંદુ ધર્મની વિધિ મુજબ લગ્ન કરે તો પૈતૃક સંપત્તિમાંના તેના હિસ્સાને કોઈ અસર પડતી નથી. પરંતુ જો તે બીજા ધર્મની કન્યા સાથે વિશેષ લગ્ન ધારા (Special marriage act) હેઠળ લગ્ન કરે તો તે હિંદુ સંયુક્ત કુટુંબમાંથી છૂટો થાય છે (Deem severance) અને તેનો સંયુક્ત કુટુંબમાંનો હિસ્સો લગ્નના દિવસથી સ્થગિત (Crystalysed) થાય છે. વારસાને સંબંધ છે, ત્યાં સુધી અહીં ભારતીય વારસા ધારો (Indian Succession Act) લાગુ પડશે.



લિંગ અને ધર્મને કારણે સામાજિક દરજ્જામાં જુદી જુદી કોમોના વૈયક્તિક કાયદા અસમાનતા ઊભી કરે છે. સમાન નાગરિક ધારો વૈયક્તિક કાયદામાં રહેલી આ અલગતા દૂર કરશે. દાખલા તરીકે બહુપત્નીત્વ અને બે વ્યક્તિઓની સાક્ષીમાં 'તલ્લાક' બોલવાથી થતા એકપક્ષી છૂટાછેડા મુસ્લિમ વૈયક્તિક કાયદાનું ખાસ લક્ષણ છે જે લિંગને કારણે પડતો ભેદભાવ છે અને તે મુસ્લિમ સ્ત્રીઓને માટે અન્યાયી, અપમાનજનક, હલકી પાડનાર અને ભેદભાવયુક્ત છે. ભારતીય છૂટાછેડા ધારામાં પણ વ્યભિચારની ભૂમિકા પર આવો જ ભેદભાવ છે. એક ક્રિશ્ચિયન પતિ પત્નીએ પારકા પુરુષ સાથે શરીરસંબંધ બાંધ્યો છે એવી સાદી ભૂમિકાને આધારે છૂટાછેડા મેળવી શકે છે પણ ક્રિશ્ચિયન પત્નીએ છૂટાછેડા મેળવવા માટે પતિના પક્ષે પારકી સ્ત્રી સાથેના શરીર સંબંધ ઉપરાંત પોતાના પર ક્રૂરતા આચરી છે અને પોતાને તરછોડી દીધી છે તે પણ સાબિત કરવું પડે છે. અલગ અલગ લિંગ અને ધર્મની વ્યક્તિઓને મળતી દાદ અંગે કાયદાઓમાં રહેલી આવી અસમાનતાના આવા તો કેટલાય દાખલાઓ ટાંકી શકાય. તરછોડી દેવાના કારણસર છૂટાછેડા મેળવવા માટે જુદા રહ્યાનો સમયગાળો વિશેષ લગ્ન ધારા (Special marriage act), હિંદુ લગ્ન ધારા, મુસ્લિમ લગ્ન ધારા, પારસી લગ્ન ધારા તથા ભારતીય છૂટાછેડા ધારામાં અલગ અલગ છે. વળી કેટલાક કિસ્સામાં છૂટા રહેવું તે ન્યાયિક વિચ્છેદ માટેનું કારણ ગણાય છે. લગ્ન અને છૂટાછેડાને લગતા જુદા જુદા વૈયક્તિક કાયદાઓમાં રહેલી અસમાનતા દર્શાવતા આ કેટલાંક ઉદાહરણો છે. વૈયક્તિક કાયદાનાં બીજા ક્ષેત્રોમાં પણ આવી અસમાનતા છે.

દત્તક લેવાયેલી દીકરીને દત્તક લેનારા કુટુંબમાં મિલકતના અધિકારો હિંદુ દત્તકવિધાન અને ભરણપોષણ ધારા (Hindu Adoption & Maintenance Act) હેઠળ માત્ર હિંદુ દીકરીને જ મળે છે. મિલકતના અધિકારો આપતી આ પ્રકારની દત્તકવિધિ મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી કે યહૂદીમાં જોવા મળતી નથી. તેમણે આ માટે વાલી તથા સગીર ધારા (Guardian & ward Act) હેઠળ કાયદાકીય કાર્યવાહી કરવી પડે છે, કારણ કે સગીર તેમજ સગીરની મિલકતના વાલી હોવાના કારણોસર સગીરને પુત્રનો કાયદામાન્ય દરજ્જો મળતો નથી.

મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી અને યહૂદી સમાજનાં સંતાનવિહોણા દંપતીઓને કાયદા દ્વારા બાળકને દત્તક લેવાનો હક્ક નથી. આ જ રીતે બાળકના કબજાના કિસ્સાઓમાં પ્રાથમિક અને સર્વોપરિ ધ્યેય બાળકના કલ્યાણનું હોવાથી જુદા જુદા વૈયક્તિક કાયદામાં જુદી જુદી જોગવાઈઓ પ્રવર્તે

છે. વારસાના કિસ્સામાં હવે હિંદુ વિધવાને પ્રથમ ક્રમની વારસદાર માનવામાં આવે છે અને સંયુક્ત હિંદુ કુટુંબની સહિયારી મિલકતમાં તે પોતાના પતિના હિસ્સાની હક્કદાર બનવાનો અધિકાર ધરાવે છે. બીજી બાજુ મુસ્લિમ વિધવા જો તેને બાળક હોય તો મિલકતનો ૧/૮ હિસ્સો મેળવવાનો અને બાળક ન હોય તો ૧/૪ હિસ્સો મેળવવાનો અધિકાર ધરાવે છે. પારસી વિધવા દીકરાના હિસ્સા જેટલો હિસ્સો મેળવે છે, જે દીકરીના હિસ્સા કરતાં બમણો હોય છે. જો તરતની પેઢીના વારસદાર હયાત હોય તો ખ્રિસ્તી વિધવા ૧/૩ હિસ્સો મેળવે છે અને જો તરતની પેઢીના વારસદાર ન હોય તેમજ પતિની મિલકત રૂ. ૫૦૦૦ - થી ઓછી હોય તો તેને આખી મિલકત મળે છે અને જો મિલકત રૂ. ૫૦૦૦ - થી વધારે હોય તો તેને રૂ. ૫૦૦૦/ - વત્તા બાકીની મિલકતમાં તેનો હિસ્સો તેને મળે. આ અસમાનતા પૂર્ણપણે ધર્મના પાયા પર આધારિત છે. આના ઉપરથી બધી જ કોમોને એકસમાન રીતે લાગુ પડનાર સમાન નાગરિક ધારાનું મહત્ત્વ સ્પષ્ટપણે પ્રગટ થાય છે. આમ, કોઈ પણ વૈયક્તિક કાયદો ઊણપો વગરનો નથી કે જેમાં સુધારા-વધારા જરૂરી ન હોય.

સમાન નાગરિક ધારો દેશમાં એકતા અને અખંડિતતા માટે તથા જાતિની સમાનતા માટે ઇચ્છનીય અને આવશ્યક છે તે હકીકતનો સ્વીકાર કર્યા પછી પણ આ કાયદાએ જે કાયદાકીય તેમજ વ્યવહારુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તેની આપણે અવગણના કરી શકીએ નહીં. બંધારણની કલમ ૨૫, ૨૬ અને ૨૯ને ધ્યાનમાં લેતાં સૌ પ્રથમ પ્રશ્ન એ ઊભો થશે કે સમાન નાગરિક ધારો બંધારણીય રીતે માન્ય (valid) કાયદો બનશે કે કેમ? બંધારણની ૪૪મી કલમે સમાન નાગરિક ધારો ઘડવાની વાત સ્વીકારેલી છે. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને અનુસૂચિ-૭ની યાદી ૩ની નોંધ આવો ધારો ઘડવાની રાજ્યની વિધાનસભાને અને કેન્દ્રની ધારાસભાને કાયદાકીય સત્તા આપે છે. લગ્ન અને છૂટાછેડા, શિશુ અને સગીર, દત્તકવિધાન, વારસાહક્ક, સંયુક્ત કુટુંબ અને વિભાજન જેવા, બંધારણ અમલમાં આવ્યું તે પહેલાં કાયદાકીય કાર્યવાહી હેઠળ હોય તેવા તમામ વિષયો પર, વૈયક્તિક કાયદા મુજબ કાયદો ઘડવાની તે સત્તા આપે છે.

આમ છતાં સમાન નાગરિક ધારો ઘડવા બાબતે બંધારણની કલમ ૨૫, ૨૬ હેઠળ બધા સંપ્રદાયને જે મૂળભૂત અધિકારો અપાયા છે તેના કારણે તેમજ પોતાની ભાષા અને સંસ્કૃતિ જાળવવાનો કલમ ૨૯ હેઠળ જે અધિકાર આપવામાં આવ્યો છે તેના કારણે વિરોધ ઊઠી શકે છે. દુર્ગા કમિટી વિરુદ્ધ હુસેનઅલીના કિસ્સામાં કલમ ૨૫ અને ૨૬નું અર્થઘટન કરતાં સુપ્રીમ કોર્ટે



જણાવ્યું હતું કે આ કલમો સંપ્રદાયની બાબતમાં કોઇ અધિકાર ઊભો કરતી નથી પણ સંપ્રદાયના સાતત્યનું રક્ષણ કરે છે.

કલમ ૨૫ હેઠળ ધર્મનો જે 'અનિવાર્ય અને અંતર્ગત ભાગ' છે તેવી પ્રથાને જ રક્ષણ મળે છે. આ કલમમાં 'ધર્મ' શબ્દનો જે ઉપયોગ થયો છે તેનો અર્થ ધાર્મિક સ્વરૂપના વાઘા સજેલી સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ એવો થતો નથી. જે પ્રથાને ધર્મ તરીકે ઓળખવામાં આવે છે, પણ જે અંધશ્રદ્ધાળુ માન્યતાઓ ધરાવે છે તે ધર્મની બહારની અને અનાવશ્યક બાબત છે, તેનું બંધારણીય અધિકારથી રક્ષણ થઇ શકે નહીં. ધાર્મિક માન્યતાઓને અનુસરીને જે કાર્યો થાય તેને ધર્મના ભાગ તરીકે લેવામાં આવે નહીં ત્યાં સુધી તેને ધર્મ ગણાય નહીં. વળી સઈફુદ્દીન સાહેબ વિરુદ્ધ મુંબઇ રાજ્યના કેસમાં સુપ્રીમ કોર્ટ એવો એક કેસ ચલાવતી હતી જેમાં જાતિ હકાલપટ્ટી નિવારણ ધારા (Prevention of Ex Communication Act)ને વ્હોરા જાતિના કેટલાક સભ્યોએ તે ભારતના બંધારણની કલમ ૨૫ અને ૨૬ હેઠળ દાઉદી વ્હોરાઓના મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે એમ કહી પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે એવું ઠરાવ્યું કે જાતિ હકાલપટ્ટીને અટકાવતું કાર્ય કલમ ૨૫ અને ૨૬નો ભંગ કરનારું છે. વળી કોર્ટે એવું પણ ઠરાવ્યું કે એક ધાર્મિક સંપ્રદાયના સભ્યને જાતિ બહાર મૂકવાનો અધિકાર એ ધાર્મિક અધિકાર હતો, કારણ કે તે ધર્મના અનુસરણનું કાર્ય હતું. બધી ધાર્મિક વિધિઓ, પ્રથાઓ, અને ભક્તિના પ્રકારો ધર્મના અંતર્ગત ભાગ છે અને તેથી તેનું રક્ષણ થવું જોઈએ.

જાતિ બહાર મૂકવાનું કાર્ય ધર્મના બળને જાળવી રાખવા માટેનું કાર્ય હતું તેથી ભારતના બંધારણની કલમ ૨૫ અને ૨૬ હેઠળ તેને રક્ષણ અપાયેલ છે. બીજા એક તીર્કાયત ગોવિંદલાલજી મહારાજ વિરુદ્ધ રાજસ્થાન રાજ્યના કેસમાં, જેમાં નાથદ્વારા મંદિર ધારાની જોગવાઈને પડકારાઈ હતી, તેમાં સુપ્રીમ કોર્ટે એવું ઠરાવ્યું કે જો કોઈ બાબત દેખીતી રીતે બિનસાંપ્રદાયિક હોય અને ધાર્મિક ન હોય તો અતાર્કિક વિચારણા પર આધારિત ધાર્મિક કાર્ય તરીકે તેના દાવાનો અસ્વીકાર કરવા માટેનું કોર્ટનું વલણ ન્યાયિક ગણાય. દરેક કિસ્સામાં બે પાસાંઓ મહત્ત્વનાં છે. ૧. અમુક પ્રથા લાક્ષણિક રીતે ધાર્મિક છે કે નહીં અને ૨. તેને ધર્મના અનિવાર્ય અને અંતર્ગત ભાગ તરીકે ગણી શકાય કે નહીં. જો કે ધર્મ-નિરપેક્ષને ધર્મથી જુદા પાડવાનું કામ સહેલું નથી, તેમ છતાં તે બંધારણની કલમ ૨૫ અને ૨૬ હેઠળના દાવાઓનું રક્ષણ થાય એ રીતે કરાવું જોઇએ. વળી વેંકટ રામન દેવાલુ વિરુદ્ધ મૈસુર રાજ્યના કેસમાં જ્યાં મદ્રાસ મંદિર પ્રવેશ સત્તાધિકાર ધારાને પડકારવામાં આવ્યો હતો, તેમાં સુપ્રીમ કોર્ટે

'ધર્મને લગતી બાબતો' એવા જે શબ્દો બંધારણની કલમ ૨૬ (બી)માં વપરાયા છે તેનું અર્થઘટન કર્યું અને એવો મત વ્યક્ત કર્યો કે આ કૃત્ય સમાજના સામાજિક સુધારાને લગતું હોવાથી ધાર્મિક સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરતું નથી. સમાન નાગરિક ધારા ઉપરની હાલની ચર્ચાનું કારણ શાહબાનુ કેસમાં સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાએ પૂરું પાડયું. એ ચુકાદાએ મુસ્લિમ સ્ત્રીને ફોજદારી કાર્યરીતિ સંહિતા(Criminal Procedure code)ની કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણ મેળવવાનો અધિકાર આપ્યો. ઉપરોક્ત સિદ્ધાંતો વિશે વિચારતા એવું કહી શકાય કે લગ્ન, વારસાઈ, છૂટાછેડા, ભેટ, વસિયતનામું, દત્તકવિધાન અને ભરણપોષણ વગેરેને ધર્મના અનિવાર્ય અને અંતર્ગત ભાગ ગણી શકાય નહીં, કારણ કે તે ધર્મ-નિરપેક્ષ બાબતો છે. ધર્મ સાથે સંકળાયેલી કોઇ બાબત સામાજિક સુધારા માટે હોય તો તે કોઇ કોમના ધર્મ અંગેના મૂળભૂત અધિકારોને અસર કરતી નથી. આ ફરીથી ડૉ. આંબેડકરે બંધારણ માટેની સભાની ચર્ચામાં જે કહ્યું હતું તેની યાદ અપાવે છે (ગ્રંથ ૮, પાન ૭૮૧). તેમણે કહ્યું હતું કે 'આ દેશમાં ધર્મનો ખ્યાલ એવો વ્યાપક છે કે તે માણસના જન્મથી માંડી મૃત્યુ સુધીના દરેક પાસાને આવરી લે છે. જો રાજ્યે ધર્મના આ ખ્યાલને માન આપવાનું હોય તો સુધારાની બાબતમાં દેશ સ્થગિતતાની સ્થિતિમાં આવી જશે. એ સ્વીકારવા યોગ્ય છે કે કોઇ પણ વિચારશીલ રાજ્ય સામાજિક સુધારાને નામે ધર્મના મુખ્ય તત્ત્વને સ્પર્શ કરે નહીં. કાયદો ધર્મના તત્ત્વને નહીં, પરંતુ સમગ્ર દેશની સામાજિક પ્રગતિ આડે આવતી પ્રથાઓ, વાડાઓ અને જીવનને જ સ્પર્શ કરે છે.'

આ ભૂમિકાને આધારે બહુપત્નીત્વને દૂર કરતો, અસ્પૃશ્યતાને નાબૂદ કરતો, સ્ત્રીઓ અને બાળકોના સામાજિક મોભામાં સુધારણા કરતો તથા લિંગ આધારિત અસમાનતાને નાબૂદ કરતો કાયદો બંધારણની દ્રષ્ટિએ સાચો કહેવાય, જો તે લગ્ન માટેની ધાર્મિક વિધિઓને, ઈશ્વર વિષેની માન્યતાને તેમજ પ્રાર્થના કરવાની રીતને સ્પર્શતો ન હોય તો.

ભારતના બંધારણની કલમ ૨૯ હેઠળ દરેક ધાર્મિક કોમને તેની ભાષા, લિપી અને સંસ્કૃતિ જાળવી રાખવાનો જે અધિકાર અપાયો છે તેના ઉપર આધારિત વિરોધ અંગેની પણ ચર્ચા થવી જોઇએ. સંસ્કૃતિની વ્યાખ્યા ઉપર આ અંગેની દલીલો આધાર રાખે છે. ઈતિહાસકારો, સમાજવાદીઓ અથવા વિવેચકોએ એની વ્યાખ્યા જુદી જુદી રીતે આપી છે અને જો તેને એના વિશાળ સાચા અર્થમાં લેવામાં આવે તો એનો અર્થ એવો નહીં થાય કે જુદી જુદી સંસ્કૃતિના ગમે તેવા પુરાણા, મૃત અથવા અન્યાયી બની ગયેલા તત્ત્વને અકબંધ



રાખવું. બીજી બાજુ સંજોગો અને પરિસ્થિતિ મુજબ આધુનિક જીવનને અનુરૂપ પરિવર્તનોને અપનાવવાની વાત કોઈ પણ સમાજની સંસ્કૃતિની જાળવણી માટે જરૂરી બની રહેશે. સામાજિક કલ્યાણ અને સુધારા પૂરા પાડનારા કાયદાને એનાથી અસર થશે નહીં. વૈયક્તિક કાયદામાં કશું દૈવી નથી. કૌટુંબિક જીવનને લગતો કાયદો ઈશ્વરે અથવા પયગંબરે રચેલો છે એવું કહેવું તે મધ્યયુગીન લાગે છે. એ સૂચવવું જરૂરી જણાય છે કે હિંદુ કાયદો ખરેખર કઈ રીતે પરિવર્તન પામ્યો છે. તેણે તેના મનુસ્મૃતિના સિદ્ધાંતોને ખૂબ દૂર ફગાવી દીધા છે, તે જ રીતે મુસ્લિમ વૈયક્તિક કાયદો અન્ય મુસ્લિમ દેશોમાં કઈ રીતે બદલાયો છે તે પણ જોવા જેવું છે. દાખલા તરીકે ટ્યુનિશિયામાં વૈયક્તિક દરજ્જાના ધારા (Tunision law of Personal status) દ્વારા તથા ટર્કીમાં ટર્કીશ નાગરિક સંહિતા ૧૯૨૬ દ્વારા બહુપત્નીત્વની પ્રથા પર પ્રતિબંધ મૂકાયો છે. ઉપરાંત બહુપત્નીત્વ બાબત સિરિયા, મોરોક્કો, ઈજીપ્ત, જોર્ડન, ઈરાન અને પાકિસ્તાનમાં કેટલીક શરતો મૂકાયેલી છે, અને બીજી પત્ની કરતાં પહેલાં કોર્ટની અથવા લવાદ સમિતિની પરવાનગી લેવાનું જરૂરી રહે છે. આ જ રીતે મુસ્લિમ પતિના એકપક્ષીય તલ્લાક આપતા અધિકાર ઉપર પણ કેટલાક મુસ્લિમ દેશોમાં અંકુશ મૂકાયેલો છે. ખુદ ભારતમાં પણ મુસ્લિમ લગ્ન વિચ્છેદ ધારા ૧૯૩૯ના અમલથી મુસ્લિમ સ્ત્રીઓને છૂટાછેડા માટેના કેટલાંક કારણો આપવામાં આવ્યાં છે, જે આ કાયદો બન્યો ત્યાં સુધી ન હતા. આ સુધારો વૈયક્તિક કાયદો અપરિવર્તનીય હોવા સામે ઘણું કહી જાય છે. મુખ્ય મુશ્કેલી રૂઢિચુસ્તતા અને જડ અભિગમને કારણે ધાર્મિક માન્યતાઓ અને બિનસાંપ્રદાયિક માન્યતાઓ વચ્ચેનો ફેર સમજી ન શકવાને કારણે આવે છે. રૂઢિચુસ્તતાની અને જડ અભિગમની સમસ્યા સામાજિક અને કાયદાકીય હોવા કરતાં માનસિક વધારે છે, આમ છતાં પ્રત્યેક સામાજિક સુધારા વખતે રૂઢિચુસ્તતા દ્વારા મુશ્કેલી ઊભી કરવામાં આવી છે અને જેને સમયની સાથે સાથે દૂર પણ કરવામાં આવી છે. વિકટર હ્યુગોએ કહ્યું છે, 'જે વિચારનો સમય આવ્યો હોય છે તેને ગમે તેવું મોટું લશ્કર પણ અટકાવી શકતું નથી.' સુધારાની માગણીને બહુમતી સભ્યોનો ટેકો મળે ત્યાં સુધી જો સરકાર વાટ જુએ તો તે કલમ ૪૪માં મૂકવામાં આવેલા માર્ગદર્શક સિદ્ધાંતોનો ભંગ કરશે. પક્ષીય અને ચૂંટણીનું રાજકારણ અપ્રસ્તુત છે. 'સ્વૈચ્છિક સમાન નાગરિક ધારો' એવા શબ્દો તો પોતે જ વિરોધાભાસી છે. નાગરિક ધારાને સમાનપણે લાગુ પાડવા માટે તો તે ફરજિયાત હોવો જોઈએ. બંધારણની સભામાં થયેલી ચર્ચાએ સ્પષ્ટપણે દર્શાવ્યું હતું કે સમાન નાગરિક ધારા દ્વારા બંધારણના ઘડવૈયાઓ એવો કૌટુંબિક કાયદો ઈચ્છતા હતા કે જે દેશમાં રહેતી બધી કોમોના સભ્યોને

સમાનપણે લાગુ પડે. જો સમાન નાગરિક ધારો કૌટુંબિક કાયદાઓની સંહિતા રચે તો તે દરેક કોમને લગતા કૌટુંબિક કાયદાઓમાં જરૂરી સુધારા લાવી શકે. એક સમાન નાગરિક ધારા દ્વારા દરેક ધર્મની વ્યક્તિ તેમના વૈયક્તિક કાયદાએ આપેલ કેટલાક અધિકારો ગુમાવશે. આમ છતાં ધાર્મિક માન્યતાઓ તરીકે તેઓ જે અધિકારો ભોગવતા હતા તે ગુમાવવાના થતા નથી. દાખલા તરીકે વ્હોરા કોમના મુખ્ય ધર્મગુરુ દ્વારા જાતિ બહાર મૂકવાનો અધિકાર અથવા પારસીઓ તેમના ધર્મમાં ધર્મપરિવર્તનને છૂટ નથી આપતા તે અધિકારને અસ્પૃશ્ય જ રાખવો પડે. સમાન નાગરિક ધારો ધાર્મિક વિધિઓ અને આવી વિધિઓ ઉપર આધારિત લગ્નનું ખરાપણું જેવી ધર્મ સાથે સંકળાયેલી માન્યતાને અસર કરી શકે નહીં પણ છૂટાછેડા, દત્તક- વિધાન, ભરણપોષણ અને વારસો જેવી બાબતો માટે સામાન્ય ભૂમિકા પૂરી પાડી શકે જે ધર્મને લગતી બાબતો ન હોતા બિનસાંપ્રદાયિક બાબતો છે.

જુદા જુદા વૈયક્તિક કાયદામાં સ્ત્રી અને પુરુષ વચ્ચેની સમાનતાના ખ્યાલ બાબત હજી પણ કેટલાક સુધારાની જરૂર છે. હિંદુ કાયદાનો દાખલો લઈએ. હિંદુ લગ્ન ધારાની કલમ ૧૨માં જણાવાયું છે કે જો લગ્નના સમયે પત્ની પોતાના પતિ સિવાયના પુરુષ વડે ગર્ભવતી બની હોય તો આ કાયદો શરૂ થયો તે પહેલાં કે તે પછી થયેલ લગ્ન ગેરકાયદેસર ઠરાવી શકાય છે અને આવા લગ્નને ગેરકાયદેસર ઠરાવતો ચુકાદો અદાલતમાંથી લઈ શકાય. આમ છતાં આ ધારામાં એવી જોગવાઈ નથી કે પતિને પત્ની સિવાયની સ્ત્રીથી થયેલું બાળક હોય અને તે તરફ પત્ની ધ્યાન ખેંચે તો લગ્ન ફોક થાય. લિંગ અંગેની સમાનતા એ એક સાકાર ન થઈ શકેલું સ્વપ્ન છે. છૂટાછેડા અંગેની જોગવાઈઓમાં માત્ર પતિની ક્રૂરતાને ધ્યાનમાં લેવામાં આવે છે જ્યારે તેના કુટુંબના અન્ય સભ્યોની ક્રૂરતા ધ્યાનમાં લેવાતી નથી કે જે વાસ્તવમાં મોટા ભાગના અગ્નિસ્નાન, દહેજની માગણી જેવા બનાવોમાં વિશેષ જવાબદાર હોય છે. લગ્નજીવનની મિલકતનો ખ્યાલ અને તેમાં છૂટાછેડા વખતે અડધો ભાગ આપવા અંગેના ખ્યાલનો ભારત દેશમાં લગ્ન અને છૂટાછેડા અંગેના કોઈ કાયદામાં હજી સમાવેશ થયો નથી. પતિ કમાય અને મિલકતમાં રોકાણ કરે ત્યારે સ્ત્રી કુટુંબની કાળજી લેવામાં જે શક્તિ-વિનિયોગ કરે છે તેને કોઈ આર્થિક મૂલ્ય અપાયું નથી. વિકસિત દેશોમાં કુટુંબને લગતા કાયદાઓમાં જે કેટલાક ખ્યાલો પાયાના મનાય છે તે ભારતની કાયદાપ્રથા માટે હજી સુધી અજાણ્યા છે. હિંદુ વારસાને લગતા કાયદામાં દીકરીને પૈતૃક સંપત્તિમાં ભાગીદાર થવા માટે જન્મથી સમાન અધિકાર અપાયો નથી તેમજ આવી મિલકતમાં ભાગ માગવાનો અધિકાર પણ



અપાયો નથી. હિંદુ વારસા (તામિલનાડુ) સુધારા ધારો ૧૯૮૯ તથા હિંદુ વારસા (આંધ્ર પ્રદેશ) સુધારા ધારો ૧૯૮૬એ હિંદુ વારસના કાયદામાં કલમ ૨૯-અ ઉમેરી છે જે જન્મથી જ દીકરીને પૈતૃક સંપત્તિમાં ભાગીદાર થવાનો અધિકાર આપે છે તથા જીવન અને વિભાજન દ્વારા પોતાના ભાઈની જેમ જ હક્ક માગવાની સુવિધા આપે છે.

આ કાયદાના ઉદ્દેશો અને કારણો જણાવે છે કે,

'પૈતૃક સંપત્તિમાં ભાગીદાર થવામાંથી બહાર રાખવાની વાત યોગ્ય નથી અને કલંકરૂપ દહેજ પ્રથા માટેનું પણ આ એક કારણ છે. હિંદુ સ્ત્રીને જીવિત હોવાથી મિલકતમાં અધિકાર આપવા માટે તથા પુરુષ સમાન દરજ્જો આપવા માટે આ ખરડો લાવવામાં આવ્યો છે.'

હિંદુઓમાં સ્વોપાર્જિત મિલકત તથા વડીલોપાર્જિત મિલકત વચ્ચેના ભેદ આંતરજ્ઞાતિય લગ્નોને કારણે તેમજ સંયુક્ત કુટુંબો ભાંગતા જવાને કારણે ઓછા થતા જાય છે. શિક્ષણમાં પ્રગતિ થવાથી દરેક વ્યક્તિ પોતાની ઈચ્છાનુસારનો વ્યવસાય કરવા માગે છે અને પોતાના કુટુંબનો ધંધો ચાલુ રાખવા ઈચ્છતી નથી. જો શિક્ષણ સાચા અર્થમાં મનને પૂર્વગ્રહો અને અતાર્કિક વિચારણાઓમાંથી મુક્તિ અપાવતું હોય તો શિક્ષિત માનસે સમાજની બદલાતી જતી જરૂરિયાતને સ્વીકારવી જોઈએ.

બાળક દત્તક લેવાની બાબતમાં પણ એવું છે કે હિંદુ પતિ પોતાની પત્નીની સંમતિથી પોતાની પસંદગીનું બાળક દત્તક લઈ શકે છે પણ પત્ની પતિની સંમતિથી પણ બાળક દત્તક લઈ શકે નહીં, સિવાય કે તે વિધવા હોય અથવા તેના છૂટાછેડા થયા હોય અથવા તેના પતિએ સંન્યસ્ત ધારણ કર્યું હોય અથવા તે હિંદુ મટી ગયો હોય અથવા અદાલતે તેને અસ્થિર મનનો ઠરાવ્યો હોય. હિંદુ સગીર અને વાલીપણા ધારા હેઠળ જો પિતા અવસાન પામેલ હોય તો જ માતા હિંદુ બાળકની કુદરતી વાલી બની શકે, જો કે પાંચ વર્ષથી નીચેના બાળકનો કબજો સામાન્યપણે માતા પાસે રહે છે. સમાજમાં આવતાં પરિવર્તનો જોતા માતાને પણ પિતાની જેમ જ બાળકના કુદરતી વાલી થવાનો સમાન અધિકાર છે જે બાળકના કલ્યાણને લક્ષ્યમાં રાખીને નક્કી થાય. વળી હિંદુ સગીરના કુદરતી વાલીને સગીરના ભલા માટે જરૂરી, તાર્કિક અને યોગ્ય હોય તેવા કાર્ય કરવાની અથવા સગીરની મિલકત મેળવવાની અને સગીરના હિત માટે તેનું રક્ષણ કરવાની સત્તા હોય છે. બાળક સાથે અને બાળકની મિલકત સાથે કામ પાર પાડવાની બાબતમાં અહીં ફરીથી માતા કરતાં પિતાનું ઉપરીપણું ઊભું થાય છે. આ સ્પષ્ટપણે બતાવે છે કે હિંદુઓને લાગુ પડતા વિધાનમંડળે

ઘડેલા કાયદામાં પણ સ્ત્રી અને પુરુષની સમાનતા માટે ફેરફારો જરૂરી છે અને સમાન નાગરિક ધારો કોઇ ચોક્કસ લઘુમતી કોમને જ અસર કરનારો નથી.

પારસીઓની બાબતમાં, પારસી લગ્ન અને છૂટાછેડા ધારો તથા ભારતીય વારસા ધારાનું પ્રકરણ ત્રણ જે પારસીઓને લાગુ પડે છે તે તેઓના ધાર્મિક ગ્રંથો કે ધાર્મિક માન્યતાઓ પર આધારિત નથી. ૧૮૩૭ પહેલાંથી પારસીઓને લાગુ પડતા કાયદાઓ અંગ્રેજી કાયદા પર આધારિત હતા. અંગ્રેજી કાયદાનો પારસીઓની બાબતમાં અમલ કરવામાં અને ખાસ તો વારસાના કાયદા બાબતમાં કેટલીક મુશ્કેલીઓ ઊભી થઇ હતી અને પારસી લૉ એસોસિયેશને કેટલાક ફેરફારો સૂચવ્યા હતા, જેનો સરકારે સ્વીકાર કર્યો હતો. અંતે બે ખરડા દાખલ કરવાનું સૂચવાયું હતું. એક લગ્ન અને છૂટાછેડા અંગેનો હતો અને બીજો વારસો અને વંશ વિશેનો હતો. વારસાનો ખરડો વહેંચણીને લગતા અંગ્રેજી કાયદા પર આધારિત હતો જ્યારે લગ્ન અને છૂટાછેડાની બાબતમાં અંગ્રેજી કાયદાએ જે સિદ્ધાંતો સ્વીકાર્યા હતા તે સમાવવામાં આવ્યા. આથી પારસીઓના વૈયક્તિક કાયદામાં ફેરફાર કરવાથી પારસીઓની ધાર્મિક માન્યતા કે સંસ્કૃતિને અસર થવાનો પ્રશ્ન ઊભો થતો નથી. આજે પણ વારસાની જોગવાઇઓ મુજબ વસિયત કર્યા વગર મૃત્યુ પામતા પારસી પુરુષની મિલકતમાં દરેક પુત્ર અને વિધવાનો હિસ્સો દીકરીના હિસ્સા કરતાં બમણો હોય છે. દીકરીનો દીકરા જેટલો જ અધિકાર હોતો નથી. પારસી સ્ત્રીની બાબતમાં વિધુર થયેલા પુરુષને તથા બધાં બાળકોને દીકરાના જેટલા જ અધિકાર હોય છે. તરતની પેઢીના વારસદારોને લગતા કાયદાને લાગેવળગે છે ત્યાં સુધી એમ કહી શકાય કે દરેક વૈયક્તિક કાયદામાં એ અંગે એટલું જુદાપણું છે કે તેને આંતરધર્મીય કે આંતરકોમી લગ્નની બાબતમાં લાગુ પાડવાનું ખૂબ મુશ્કેલ છે.

અન્ય બે પાસાંઓ વિચારવા જેવા છે. ૧. એવી દલીલ કરવામાં આવે છે કે 'સામાન્ય નાગરિક ધારો' જેવા શબ્દનો બંધારણમાં ઉપયોગ થયો નથી તેથી સામાન્ય ધારા તરીકે બધી કોમોને તે લાગુ પાડવાનો કંઇ અર્થ નથી. 'સમાન' શબ્દ વધારે યોગ્ય છે કારણ કે જે બિનસાંપ્રદાયિક બાબતો છે તે ધાર્મિક તત્ત્વને અસર કર્યા વિના સૌને સમાન રીતે લાગુ પડે છે. ૨. એવું સૂચવાયું હતું કે સમાન નાગરિક ધારાને સ્વૈચ્છિક બનાવવો જોઇએ. આમ કરવાથી તો હાલમાં જે અસમાનતાઓ અને જુદાપણું પ્રવર્તે છે તે ઉકેલાવાને બદલે વધારે મુશ્કેલીઓ ઊભી થશે. બંધારણ સભામાં થયેલી ચર્ચા દર્શાવે છે કે સમાન નાગરિક ધારો બધા નાગરિકોને એક સરખી રીતે લાગુ પાંડવાનો છે



જેથી આખા દેશને માટે એક સમાન બિનસાંપ્રદાયિક જીવન પદ્ધતિ અમલમાં આવી શકે. સમાન કૌટુંબિક કાયદાઓનો સ્વૈચ્છિક અમલ દરેક ધાર્મિક કોમમાં સુધારાવાદી જૂથ તથા રૂઢિચુસ્ત જૂથ વચ્ચે સંઘર્ષ ઊભો કરશે. આ સૂચન મહદંશે વ્યવહારિક નહીં પણ રાજકીય છે.

મુખ્ય ન્યાયાધીશ ગજેન્દ્ર ગડકરે કાયદા પંચ (Law Commission) ના અધ્યક્ષ તરીકે 'ધર્મ-નિરપેક્ષતા અને ભારતના બંધારણ' બાબતે જે કહ્યું હતું તે ટાંકી હું પૂરું કરીશ.

'કલમ ૪૪ની જોગવાઇઓ ઉપર જે અમલ થયો નથી તે ભારતીય લોકશાહીની ઘોર નિષ્ફળતા દાખવે છે અને આપણે જેટલા જલ્દી એ દિશામાં યોગ્ય પગલાં લઇશું તેટલું બહેતર થશે.'

સુપ્રીમ કોર્ટે શાહબાનુના કેસમાં તથા જોર્ડન વિરુદ્ધ એસ. એસ. ચોપ્રાના કેસમાં સ્પષ્ટપણે કહ્યું છે કે લગ્નના કાયદામાં પૂરેપૂરા સુધારાનો તથા કોઇ ધર્મ કે સંસ્થાને ધ્યાનમાં લીધા સિવાય બધા લોકોને એક સરખો કાયદો લાગુ પાડવાનો સમય આવી ગયો છે.